# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 51 ❖ Issue : 11 ❖ Pages : 48 ❖ Mumbai ❖ December 2023 ❖ Price : Rs.8/-

## ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૩ના યાદગાર સંભારણા...

















# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૩ના યાદગાર સંભારણા...



## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા......... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા ........... ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા................... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા.............. માનદ્મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી......... માનદ્મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા......... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર.......... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા................ સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.............. સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી................. સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા............. સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા................. સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી................. સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા............... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા.................. સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા................. સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા................. કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા................ કો-ઓપ્ટ

**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

## સ્વરોજગાર યોજના - આર્થિક સહાય

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દ્વારા સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક જરૂરિયાતમંદ લોકોને પોતાનો સ્વતંત્ર ધંધો કરવા માટે રૂપિયા ૨૫૦૦૦/- સુધીની વ્યાજમુક્ત લોન આપવામાં આવશે.

લોન મેળવવા ઈચ્છુક વ્યક્તિઓએ આપણા સમાજની ઓફિસમાંથી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત ભરીને જરૂરી ડોક્યુમેન્ટ સાથે આપણા સમાજના ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ દેવચંદભાઈ વસાને ત્યાં નીચે એડ્રેસ ઉપર મોકલી દેવા. સમાજના ધારા ધોરણ પ્રમાણે લોન મંજુર કરવામાં આવશે.

**Shri Dhirenbhai Devchand Vasa**
B-801, Kailash Jyot, Building No.1,
Derasar Lane, Ghatkopar (East),
Mumbai - 400077 Mob.: 9820012454

## ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા
## મેડિકલ સહાય યોજના

આ યોજના હેઠળ જે પણ વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થયેલ હોય અને તેમને દવાના ખર્ચ રાહત પેટે રૂા.૫૦૦૦/- સુધી સહાય રૂપે આપવામાં આવશે,

આ યોજના મુંબઈ પરિસરમાં વસતા આપણા સમાજના મેમ્બર્સને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોય તેમના ખર્ચને પહોંચી વળવા માટેની છે જેની નોંધ લેશો.

આ યોજનામાં લાભ લેવા ઈચ્છુક દર્દીને માટે નીચે મુજબના નિયમો છે. એપ્લિકેશન લેટર સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો આપણા સમાજના ખજાનચી શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરાને ત્યાં નીચે જણાવેલ એડ્રેસ ઉપર મોકલવા જરૂરી છે.

૧) હોસ્પિટલમાં દાખલ થયેલા એડમિશન કાર્ડની ઝેરોક્ષ
૨) હોસ્પિટલમાંથી મળેલ ડિસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ (ડિસ્ચાર્જ મળ્યો હોય તો)
૩) મેડિસિન પ્રિસ્ક્રિબશન લેટર ફ્રોમ ડૉક્ટર
૪) દવાના બિલ ઓરિજિનલ અથવા તો ઝેરોક્ષ
૫) દર્દીના આધારકાર્ડની ઝેરોક્ષ

**Shri Yogeshbhai Vinodrai Vora**
503 / 504, Dharam Kutir Apartment,
Kharkar Ali Road, Nr. Police School,
Thane (West) - 400601 M.: 7977779713

## તંત્રી સ્થાને થી....

# એક નજર – અતીત પર....

**શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**



નવી નવી ટેક્નોલોજીની શોધખોળથી આપણા સામાન્ય જન જીવનમાં એક ક્રાંતિ આવી ગયેલ છે. તેના ઉપયોગ વગરનું જીવન આપણે કલ્પી જ શકતા નથી તે હદે ટેક્નોલોજી આપણા જીવનમાં પગપેસારો કરી ગઈ છે. ડગલેને પગલે આપણે એક યા બીજા સ્વરૂપમાં તેનો ઉપયોગ કરતા હોઈએ છીએ. એક સમય હતો કે જ્યારે વીજળી (*Electricity*)નો વૈભવ ફક્ત મોટા શહેરો પુરતો જ મર્યાદિત હતો. નાના ગામડાઓમાં કેરોસીન વડે ચાલતા દીવા-ફાનસ વિગેરેનો ઉપયોગ થતો હતો. મોટાભાગના અગત્યના કામો અંધારું થતા પહેલા આટોપી લેવામાં આવતા હતા. સામાન્ય રીતે રાત્રિની મુસાફરીઓ ટાળવામાં આવતી હતી અથવા તો અંધારું થતાં નજીકની ધર્મશાળાઓમાં આશરો લેવામાં આવતો હતો. રાત્રે ૮ વાગતા જ લગભગ બધી જ દુકાનો બંધ થઈ જતી.

*Petromax*ના આવવાથી લગ્ન પ્રસંગોમાં વધારે રોશની ફેલાઈ, પરંતુ તેનો ઉપયોગ રોજ-બરોજમાં ન થતા પ્રસંગો પુરતો જ મર્યાદિત રહ્યો. કેમ કે તેને પેટાવવાનું અને સાર સંભાળનું કાર્ય અટપટું અને તે સમયે ખર્ચાળ લાગતું હતું. કેમ કે લોકોની આવકના સાધનો ખુબ જ મર્યાદિત હતા. રસોઈ બનાવવા માટે માટીના ચુલા કે સગડીનો ઉપયોગ થતો હતો અને તેના ધુમાડાનો તથા રાખનો ત્રાસ સહન કરવો પડતો હતો. પ્રાઈમસની શોધ થવાથી થોડી સગવડતા મળી. પરંતુ તેનો ઉપયોગ સુખી ગણાતા વર્ગ સુધી જ મર્યાદિત રહ્યો. શરૂઆતમાં ખૂબ જ અવાજ કરતા પ્રાઈમસ હતા અને ત્યારબાદ વાટવાળા - અવાજ વગરના પ્રાયમસનો વપરાશ ચાલુ થયો. પરંતુ હજુ હમણાં સુધી નાના અને પછાત ગણાતા વિસ્તારોમાં માટીના ચુલાઓનો વપરાશ ચાલુ હતો. આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગામડે ગામડે ગેસ કનેક્શન આપીને ગામડાની માતા-બહેનોને રાખ અને ધુમાડાથી મુક્તિ આપી.

સંદેશા વ્યવહાર માટે ટપાલ ખાતાનો (*Postal department*) ઉપયોગ અનિવાર્ય હતો. દરેક ગામમાં *Post Office*ની સગવડ નહોતી પરંતુ ૩ કે ૪ ગામ વચ્ચે એક *Post Office* બનાવી તેનાં દ્વારા ટપાલનું વિતરણ કરવામાં આવતું. ખૂબ જ અગત્યના સંદેશાઓ તાર દ્વારા (*By Telegram*) મોકલવામાં આવતા. *Telegram Office* મોટા ગામ કે શહેર પુરતી મર્યાદિત હતી. નજીકના શહેરમાં સ્થિત ટેલિગ્રામ ઓફિસમાં અંગ્રેજીમાં આવતા સંદેશાઓનું સ્થાનિક ભાષામાં રૂપાંતર કરીને - જો તાર મોકલનારે વધારાનો પૈસા ભર્યા હોય તો માણસ મોકલીને ટેલિગ્રામની ડીલેવરી થતી. નહિતર બીજા દિવસની ટપાલ સાથે તાર સંદેશો પહોંચાડવામાં આવતો. ટૂંકમાં અર્જન્ટ મેસેજ પણ બીજા કે ત્રીજા દિવસે પહોંચતા અને છતાંય તે મળવાનો સંતોષ થતો. સમયની સાથે ટેલિગ્રામ મોકલવાના આધુનિક મશીનો આવ્યા અને તેને મોકલવાનું અને મેળવવાનું સરળ બન્યું. મોટા શહેરોમાં ટેલિગ્રામનો ધંધાકીય કાર્યોમાં ઉપયોગ થવા માંડયો. અને તેનો પુરો લાભ ધંધાકીય વિકાસને મળ્યો. મુંબઈમાં તો ફાઉન્ટન ઉપર સેન્ટ્રલ ટેલિગ્રામ ઓફિસનું મોટું મકાન ઊભું કરવામાં આવ્યું હતું. એક જમાનામાં કામથી ધમધમતી આ ઓફિસ અત્યારે બંધ થવાને આરે છે.

ગ્રેહામ બેલે કરેલી ટેલીફોનની શોધ માટે માનવજાત સદાય તેની રૂણી રહેશે. શરૂઆતમાં તો આપણે ટેલીફોન દ્વારા દૂર દૂરની વ્યક્તિ સાથે વાત કરી શકીએ. તે વાત જ માનવા લોકો તૈયાર નહોતા, પરંતુ જેમ જેમ તેનો વપરાશ થતો ગયો. તેમ તેમ તેની ઉપયોગીતા સમજાતી ગઈ. તે વખતે ગણ્યા ગાઠયા લોકો પાસે જ ટેલીફોન હતા. અને તે પણ મોટા શહેરોમાં કેમકે સામાન્ય રીતે બહાર ગામના લોકો સાથેનો વ્યવહાર તાર ટપાલ દ્વારા જ થતો હતો અને તે લોકોને માફક પણ આવી ગયો હતો. તાર ટપાલ ખાતું ખૂબ જ કાર્યદક્ષ હતું. વિવિધ ભાષાઓમાં લખવામાં આવતા સરનામા, અધુરા સરનામાં, જલ્દી ઉકેલી ન શકાય તેવા અક્ષરો, વાહન વ્યવહારના ટાંચા સાધનો, છતાં પણ ભાગ્યે જ કોઈ ટપાલ ગેરવલ્લે જતી. આંટીઘુંટી વાળી ટેકનીક, મર્યાદિત સાધનો, રખ-રખાવ (*Maintenance*)ના સ્ટાફની અછતન વિ. કારણે ટેલીફોનનો ઉપયોગ શરૂઆતમાં મોટા શહેર પૂરતો જ મર્યાદિત રહ્યો. તે સમયે એકબીજાનો સંપર્ક ટેલીફોન એક્સચેન્જના માધ્યમથી જ થતો હતો. ટેલીફોન એક્સચેન્જના ઓપરેટરને નંબર આપીએ એટલે તે આપણને જોઈતા નંબર સાથે કનેક્ટ કરી આપે. તેમાં સૌથી મોટી મર્યાદા એ હતી કે ટેલીફોન ઓપરેટર આપણી બધી જ વાતો સાંભળી શકે. તે છતાં તેનો સારો એવો ઉપયોગ થયો. બહારગામ કોલ કરવા માટે ત્રણ શ્રેણીઓ હતી. (૧) *Ordinary* (સામાન્ય) (૨) *Urgent Call* (ત્વરિત) અને (૩) *Lightning* (અતિ ત્વરિત) સામાન્ય કોલ લાગતા કલાકો નીકળી જતા. જ્યારે *Urgent Call* ને અગ્રતા આપવામાં આવતી. *Call Charges* પણ *Category* અને અંતર પર અવલંબિત હતા. ત્યારબાદ *Automatic Exchange* આવ્યા અને *STD* દ્વારા આપણે દેશ વિદેશમાં સીધી વાત કરી શકીએ તે શક્ય બન્યું.

વાહન વ્યવહારની વાત કરીએ તો એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે મોટેભાગે બળદ ગાડાનો ઉપયોગ થતો હતો. રાજ્ય સરકારની બસ ગામડાઓમાં એકાદ બે વાર આવતી જતી. શહેરમાંથી મોટરકાર આવે તો તેને જોવા માટે બાળકો ટોળે વળતા. કાર પણ *Self Start* નહોતી. તેને હેન્ડલ મારી ચાલુ કરવી પડતી હતી. અને તે જોવું તે પણ એક લહાવો હતો. બહારગામ જવા માટે વહેલી સવારે બળદ ગાડું જોડવામાં આવતુ. રસ્તામાં ખાવા માટે થેપલા અને ગોળકેરી કે છૂંદાનું અથાણું લેવાંતુ. બહારનું ખાવાની પ્રથા જ નહોતી. ચોમાસામાં રસ્તાઓ કાચા હોવાથી બસની સર્વિસ બંધ રહેતી. જવા આવવા માટે નજીક હોય તો (૩ થી ૬ માઈલ) પગે ચાલીને કે પછી દૂર જવા માટે બળદગાડાનો ઉપયોગ થતો. પાણીનો ઉપયોગ ખુબ જ કરકસરથી કરવો પડતો હતો, કેમકે ઘરમાં નળની સગવડ નહોતી. દૂર વાવ કે કુવામાંથી પાણી સિંચીને ગાગર-બેડામાં ભરી, માથે ઉપાડીને ઘર સુધી લાવવું પડતું હતું. કપડા ધોવા માટે દુર દુરની વાડી કે નદીઓમાં જવું પડતું. આ બધી વાતો આજે જેની ઉંમર ૬૦ કે ૭૦ વરસની હશે અને ગામડામાં રહ્યા હશે તેની બાળપણની સ્મૃતિ તાજી થશે.

વિચાર કરો કે કોઈપણ જાતની આધુનિક સુવિધા વગર પણ ત્યારનું જીવન સુખ શાંતી ભરેલુ હતું. કારણ કે જે પણ ઈશ્વરે આપ્યું હતું તેનો સંતોષ હતો. **''આજે આપણ ને જે મળ્યું છે તેનો આનંદ માણવાને બદલે જે નથી તેને મેળવવાના ઉધામા કરી જીવનને વિષાદમય બનાવી રહ્યા છીએ.''**

# બેઈમાની કરવા માટે પણ ઈમાનદાર સાથીને શોધવો પડે એવું આ જગત



**ગમે તેવો ખરાબ માણસ હોય પણ તેનું અંતિમ લક્ષ્ય તો સારા બનવાનું જ હોય છે.**

**– મહેન્દ્ર પુનાતર**

સારા અને પ્રામાણિક થવાનું કોને ન ગમે ? કેટલાક માણસો ખરેખર સારા હોય છે. અને કેટલાક માણસો આવો દેખાવ કરતાં હોય છે. કેટલાક માણસો કહે છે અમે ધર્મ કરીએ છીએ પણ અમારો ઉદ્ધાર થતો નથી. કેટલાક માણસો કહે છે અમે ઈમાનદાર છીએ પરંતુ જીવનમાં સુખ મળ્યું નથી. અને ભ્રષ્ટાચારીઓ મજા કરી રહ્યા છે. આવું જે વિચારે છે તે ખરેખર પ્રામાણિક નથી. તેવો કાં તો અપ્રમાણિકતા આચરી શકતા નથી અથવા તેમ કરવાની તેમનામાં હિંમત નથી. એટલે તેઓના છૂટકે પ્રામાણિક બની રહ્યા છે. ઈમાનદાર માણસ હશે તે આવા ફાયદા ગેરફાયનો વિચાર કરશે નહીં.

ઈમાનદારીને તે ધર્મ સમજશે અને તેમાં સુખ અને આનંદનો અનુભવ કરશે. ભ્રષ્ટાચારીઓ અને ખોટું કામ કરનારાઓ બહારથી સુખી દેખાતા હોય છે પણ અંદરથી એટલા જ વ્યથિત હોય છે. ખોટું કામ કરનારાઓને વહેલું કે મોડું પરિણામ ભોગવવું પડે છે. તેમાં ચિંતા અને અજંપો રહેલો છે. માત્ર સારા દેખાવું જરૂરી નથી સારા હોવું એ જરૂરી છે. ધર્મની વાડ બાંધીને પ્રમાણિકતાનો આંચળો ઓઢી લેવાથી કશો ફાયદો નથી. આવું કરીને આપણે બીજાને છેતરી શકીએ પરંતુ જાતને છેતરવાનું મુશ્કેલ છે. અપ્રમાણિકતા અને બેઈમાની કોઈ સારી ચીજ તો નથી.

ભ્રષ્ટાચારી માણસો પોતે બેઈમાન છે એમ કબુલ નહીં કરે. તેઓ પણ ઈમાનદારીની જ વાતો કરતા હોય છે. તેમને ઘરમાં નોકર રાખવો હશે તો તેઓ ઈમાનદાર માણસને પસંદ કરશે. એક દુકાનમાં એક ચોરે એક રાતમાં ત્રણ વખત ચોરી કરી. પોલીસે તેને પૂછ્યું એક દુકાનમાં એક જ રાતમાં ત્રણ વખત ચોરી કરવાની કેમ જરૂર પડી. ચોરે કહ્યું સાહેબ અત્યારના સમયમાં ઈમાનદાર સાથીઓ પણ ક્યાં મળે છે. માલ ઘણો હતો એટલે એકલા હાથે કામ કરવું પડ્યું. બેઈમાની કરવા માટે પણ ઈમાનદાર માણસની શોધ કરવી પડે એવું આ જગત છે. કોઈ ચોરી કરે છે તે ચોર બનવા માટે થોડી કરે છે. ચોર પણ અંદરખાને તો પ્રમાણિક બનવા ઈચ્છતો હોય છે. ખરાબ માણસનું પણ અંતિમ લક્ષ તો સારા બનવાનું જ હોય છે. કેટલીક વખત મજબૂરી હોય છે તો કેટલીક વખત આદર છૂટતી નથી. કુછંદે ચડેલા અને વ્યસનમાં જકડાયેલા માણસો પણ તેમાંથી છુટવા મથામણ કરી રહ્યા હોય છે પણ તેમ કરી શકતા નથી. આ માટે પ્રબળ ઈચ્છા અને મન પર અંકુશ જોઈએ. ખોટા રવાડે ચડેલા માણસોને આમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ છે.

ધર્મ કરવાથી શું મળશે ? એવો જે પ્રશ્ન કરે છે તે અધાર્મિક છે. પ્રેમ કરવાથી શું મળશે એવું જે વિચારે છે તે દુકાનદાર છે. પ્રેમમાં આપવાનું હોય મેળવવાનું નહીં. અને તેનો આનંદ પણ અનોખો છે. જીવનમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃતિ એ ધર્મનો માર્ગ છે. ખરાબ વસ્તુઓને છોડવી અને સારી વસ્તુઓને ગ્રહણ કરવી જોઈએ. જીવનની તમામ પ્રવૃત્તિઓમાં સંયમ અને વિવેક જરૂરી છે. વિવેકનો પર્યાય શબ્દ છે સમ્યક્. આનો અર્થ છે નહીં ઓછું નહીં વધારે. જીવનનું આ સંતુલન છે. બધું સમજદારીથી વિવેક રાખીને થવું જોઈએ.

જીવનમાં નિવૃત્તિ અને પ્રવૃત્તિ એ પક્ષીની બે પાખો જેવી છે. પક્ષી એક પાંખથી ઉડી શકે નહીં. તેમ જીવનમાં આ બંને વિવેકપૂર્ણ રહે. સારા કાર્યમાં પ્રવૃત્તિ વધે અને ખરાબ અનુચિત કાર્યોમાંથી છૂટકારો મળે ત્યારે સમ્યક દર્શન સર્જાય છે. રાગ દ્વેષ, આ મારૂં આ તારૂં છે ત્યાં સુધી સમ્યક્ દ્રષ્ટિ પ્રાપ્ત થતી નથી.

કૃષ્ણમૂર્તિએ કહ્યું છે તેમ જીવન પરિવર્તનશીલ છે. માણસ પળે પળે બદલાય છે. બધું આપણી મરજી મુજબ થવાનું નથી. ખુલ્લુ મન રાખીને કેટલીક વસ્તુઓનો સ્વીકાર કરવાનો હોય છે. આપણે કહીએ અથવા કરીએ તે સાચું છે એમ માનવાનું કોઈ કારણ નથી. આપણી જેમ બીજાઓ પણ સાચા હોઈ શકે છે.

માણસ જેટલું બીજાને સમજવાનો પ્રયાસ કરે છે તેટલો પોતાને સમજી શકે છે. પ્રેમ, મૈત્રી અને કરૂણા જીવનના સ્ત્રોતો છે. આનાથી જીવન ધબકતું રહે છે. આપણે સારૂં

જોઈ શકીએ. સારૂં સાંભળી શકીએ, સારૂં કરી શકીએ, ખુલ્લા દિલથી હસી શકીએ અને નિસ્વાર્થ પ્રેમ કરી શકીએ તો બીજું કશું કરવાનું રહેતું નથી. આ સાચું સુખ છે. તેને શોધવાનું નહીં પણ તેનો અનુભવ કરવાનું જરૂરી છે.


બીજાના દુઃખ કરતા સુખમાં ભાગીદાર થવાનું કઠિન છે. અતિ સાધારણ ચિત્તની વ્યક્તિ પણ બીજાના દુઃખમાં સૂર પુરાવે છે પણ બીજાના સુખને પોતાનું સમજીને રાજી થવું અને તેની ઈર્ષા અને અદેખાઈ ન કરવી એ મુશ્કેલ બાબત છે. જે માણસ અંદરથી ખરેખર સુખી હશે તે બીજાના સુખનો સ્વીકાર કરશે. અને જે દુઃખી હશે તે બીજાનું દુઃખ જોઈને રાજી થશે. બીજાના માટે કાંઈક સારૂં કરવાનો અને મદદરૂપ થવાનો આનંદ અવર્ણનીય છે. જે લોકો નિસ્વાર્થભાવે દીન દુઃખીઓના આંસુ લૂછે છે તેની પર પ્રભુની કૃપા એક યા બીજા સ્વરૂપે સદૈવ વરસતી રહે છે. દુઃખી અને લાચાર માણસો માટે વહાવેલા આંસુ કદી પણ એળે જતા નથી.

કવીવર રવીન્દ્રનાથ ટાગોરની એક કવિતા છે. એક ભક્ત ભગવાન માટે ખૂબ રડ્યો પણ ભગવાનના દર્શન ન થયા. આંખો સુકાઈ ગઈ પણ ભગવાન તો આવ્યા જ નહીં. ત્યાં એકાએક કોઈએ બારણું ખટખટાવ્યું. ભક્તે બારણું ખોલ્યું અને સામે કોઈ તેજસ્વી વ્યક્તિને જોઈને પૂછ્યું આપ કોણ છો ? સામે જવાબ મળ્યો તું જેના માટે આંસુ સારતો હતો. તે હું છું ભક્તને નવાઈ લાગી. એ કહેવા લાગ્યો રડી રડીને હું થાકૌ ગયો પણ તમે આવ્યા નહીં અને અત્યારે તો મારી પાસે આપને ધરવા માટે આંસુના ફૂલો પણ નથી. અત્યાર સુધી હું આંસુના ફૂલો ચડાવતો હતો પણ પ્રભુ તમે પધાર્યા નહીં. મારા બધા આંસુ નકામા ગયા.

ભગવાને કહ્યું કોઈના પ્રેમના આંસુ કદી નિષ્ફળ જતાં નથી. ચાલ મારી સાથે હું તને બતાવું કે આંસુની શી કિંમત છે. ભગવાન તેને સ્વર્ગમાં લઈ ગયા ત્યાં એક દ્વાર ખોલીને કહ્યું જો આ બગીચો તેમાં તારા આંસુ સંઘરાયેલા છે. બગીચામાં ફૂલો ખીલ્યા હતા. તે બતાવીને પ્રભુએ કહ્યું તે જેટલા આંસુ સાર્યા છે. તે બધા સ્વર્ગમાં ફૂલ બનીને ખીલી ઉઠ્યા છે. ભક્તના દરેક આંસુ અહીં ફૂલ બની જાય છે.

પ્રેમ, ભક્તિ અને સદભાવનાના આંસુ કદી એળે જતા નથી. પરમાર્થનું કોઈ પણ કાર્ય નિષ્ફળ જતું નથી. વહેલું કે મોડું તેનું શુભ પરિણામ ઊભું થાય છે.

## Bio Data



***Personal Details***

| | | |
|---|---|---|
| **Name** | : | **SAHIL MAYUR VASA** |
| **Caste** | : | Shree Sorath Visashrimali Deravasi Jain |
| **Native Place** | : | Patanvav |
| **DOB** | : | 06 - 12 - 1997 |
| **Birth Place** | : | Nallasopara |
| **Birth Time** | : | 2:15 Pm Labh |
| **Blood Group** | : | O+ |
| **Height** | : | 5.7 Inch |
| **Occupation** | : | Senior Associate Fund Services - CERT at Morgan Stanley |
| **Hobbies** | : | Dancing, Playing Chess, Reading Books |
| **Education** | : | BAF (KES Shroff College)<br>MBA in FINANCE (AIMSR) |

***Family Background***

| | | |
|---|---|---|
| **Father** | : | Mayur Chimanlal Vasa |
| **Occupation** | : | Senior Accountant |
| **Contact** | : | 9323312425 |
| **Mother** | : | Kalpana Mayur Vasa |
| **Occupation** | : | Housewife |
| **Contact** | : | 9320596195 |
| **Siblings** | : | No Siblings |
| **Mosal** | : | Ajay Chunilal Mehta (Mulund)<br>Contact : 9819442495<br>Bharat Chunilal Mehta (Ahmedabad)<br>Contact : 93270 59872 |

***Others***

| | | |
|---|---|---|
| **Address** | : | Flat No. 15 Mayuresh Apartment, Achole Road, Nallasopara East. 401209 |
| **Email** | : | sahilvasa61297@gmail.com |
| **Contact** | : | 8149194423 |

# ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૧૫-૧૦-૧૯૨૮

અરિહંત શરણ :
તા.: ૦૮-૧૨-૨૦૧૭

## સ્વ. શ્રી નટવરલાલ જીવાલાલ ઠક્કર

**વતન - રાણપુર ભેંસાણ / બોરીવલી**

**આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા, કાર્યકુશળતા અને કુટુંબ પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને પરમશાંતિ આપે, આપની ખોટ અમોને કાયમ રહેશે.**

**સમગ્ર પરિવાર પર આપના આશીર્વાદ કાયમ રહે એજ અભ્યર્થના**
**શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવાર**



| | | |
|---|---|---|
| **પત્ની** | : | ગં.સ્વ. મુકતાબેન |
| **પુત્ર-પુત્રવધુ** | : | સ્વ.વિરેશ-મીના, મહેશ-નયના |
| **દીકરી-જમાઈ** | : | સુધા પરેશકુમાર વારીયા, હર્ષા શૈલેષકુમાર વોરા |
| **ભાઈ** | : | સ્વ. પ્રવીણચંદ્ર જીવાલાલ ઠક્કર |
| **ભાઈના પત્ની** | : | જયશ્રીબેન |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | નિકુંજ - અ.સૌ. વૈશાલી |
| **પૌત્રી-જમાઈ** | : | મેઘના સૌરભકુમાર દોશી, સોનાલી તેજશકુમાર શાહ શ્વેતા કલ્પેશકુમાર કોરડિયા અને એકતા |
| **દોહિત્રી** | : | અમી કલ્પેશકુમાર શાહ, હાર્દિક, ભૌમિક અને કુનાંશ |
| **પ્રદોહિત્ર** | : | ખેવના, વિરા અને કવીર |

**શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવારના જય જિનેન્દ્ર**

**મો. : ૯૮૨૧૨૨૧૮૮૯**

Kayami - December

## ૩૨મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૧૫-૧૧-૧૯૨૧

અરિહંત શરણ :
તા.: ૧-૧૨-૧૯૯૧

# સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા

આપની ચિર:વિદાયને ૩૨ વર્ષ પૂરાં થયા, અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમપૂજ્ય માતુશ્રીને અમો નતમસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અમારી સુખદુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના

**શ્રી ગીરધરલાલ જીવણભાઈ વોરા પરિવાર**

**પુત્રો :** શશિકાંત, દિનેશ, પ્રદીપ, જીતેન્દ્ર, મનોજ, અશ્વિન

**પુત્રવધુ :** સ્વ. ચંદ્રિકા, જ્યોતિ, બીના, સ્વ.સોનલ, ભારતી, ચેતના

**પુત્રી :** મંજુલા - **જમાઈ :** દીપકભાઈ

**પૌત્રો :** કેજલ, કૌશલ, અંકુર, શ્રેણિક, ધર્મીલ

**પૌત્રવધૂ :** સપના, માનસી, પૂજા, રૂચી, ધરા

**પૌત્રી :** કવિતા, પુનિતા, તોરલ, પ્રણાલી, રિદ્ધિ

**જમાઈ :** જગદીપ, રાજેન, ઉમંગ, વિશાલ, નિશાંત

**દોહિત્ર :** દર્શન - **દોહિત્રવધૂ :** અમી

**દોહિત્રી :** નિરાલી અને હેલી - **દોહિત્રી જમાઈ :** જીજ્ઞેશ અને તુષાર

**પ્રપૌત્ર :** હેત, સૌમિલ, જશ, યશ અને દેવ

**પ્રપૌત્રી :** હિત્વી, હેતાંશી, વંશિકા, નવ્યા, હુતી, શનાયા, નાયરા

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

૨૪૩ / ૭૭ વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

Kayami - December



# કન્યા
# સ્નેહનો શણગાર - પ્રેમનો પુંજ

**❖ મધુભાઈ ભીમાણી ❖**

**કોઈપણ ઘરમાં**
**કન્યા એ આવતીકાલે ઉડી જનારી**
**આજની સુખદ ઘટના છે.**
**પતંગિયાની જેમ એ તો ઉડી જવાની.**
**ઘરને મધમધતું રાખતી એ કન્યા**
**બીજે ઘેર જવા જેટલી ક્યારે મોટી**
**થઈ જાય છે તેની મા બાપને ખબરેય**
**પડતી નથી.**

એની હાજરી માત્રથી આંગણું ગાજતું રહે. ઘરમાં હસીખુશીનો માહોલ રહે. એના કારણે આડોશી-પાડોશી પણ આવતા રહે. ‘‘લાવને લીલાને જરી મળતી જાઉં’’ - કહી લટાર મારી જાય. પાડોશીઓને બહુ વહાલી, એટલે તો અવર જવર રહે. બાપનો ઘરમાં પ્રવેશ ને હસમુખી સામે જ હસ્તી ઊભી જ હોય બાપનો થાક તો ક્યાંય ભાગી જાય. આ એક ઘરનો નહીં અનેક ઘરનો અનુભવ છે. મા શાક લેવા બજારે જાય ને પાછી ફરે ત્યાં તો મસ-મોટા કપડાંનો ઢગલો, ઈસ્ત્રી કરી હોય તેમ ઘડી વાળીને એની જગ્યાએ મુકાઈ ગયો હોય. ત્યારે માનો-હાસ્યરસ મોંનો અંદાજ કંઈ ઓર જ હોય. ઘરમાં જાણે હરખનો ગુલદસ્તો મધમધી રહ્યાનો અહેસાસ થયા વગર રહે જ નહીં.

કન્યા કોઈને કનડે નહીં. બને ત્યાં સુધી બધાને કામમાં આવે. હરણની જેમ ઉછળતી હોય અને ઢેલની જેમ ગહેકતી હોય. ચકલીની જેમ ચીંચીં કરી માળો ભરી દે. ઉમંગનું નરવું રુપ એટલે કન્યા. નાના ભાંડરડા હોય કે મોટા ભાઈ બહેન હોય - બધાને સાચવી લે. નણંદ થવાનો લ્હાવો મળ્યો હોય તો તે સંબંધની મહતાને વધારી મૂકે. પોતે જંપે નહીં ને બીજાને જંપવા દે નહીં. એને હૈયે વસી ગયું છે કે તે તો પરદેસી પાંદડું છે. - પિયરની ભૂમિ છોડી શ્વસુર ગૃહે જઈ વસવાનું છે તો પછી આ કુટુંબ પરિવારને કાં સુખી સુખો ન કરી મુકું ? સુખ આપવાની આ વૃત્તિ તેને હંમેશા કામમાં આવવાની જ છે ને ?

એના જેવી સહેલાણીઓ ભેગી થાય એટલે જાણે કે કલબલતી - કાબરો. જૂથમાં પોતપોતાનો આનંદ વ્યક્ત કરતા હર્ષોલ્લાસ અનુભવે. દુનિયામાં ક્યાંય પણ દુઃખ ન હોય તેની પ્રતીતિ કરાવે. નિર્દોષતાની આ કુદરતી લાગણી ઘરના ખૂણેખૂણે વ્યાપી જાય... જાણે કે ઘરને ભર્યું ભર્યું બનાવી દે.

અને... કન્યા બોલતા તેનાં ઉંડાણમાં શું શું ભર્યું છે તેનો અંદાજ કેટલાને હશે ? કન્યા એ માત્ર કન્યા નથી. તેનાં આ વિશેષણ સાથે તેમાં છુપાયેલ અન્ય તત્વો પણ ઉજાગર કરે તેવા છે. જરા વિચાર કરો. કન્યા મટી એ એક દિવસ કોઈની પત્ની, કોઈ ઘરની વહુ કે પછી દેરાણી-જેઠાણીના રુપ પણ ધારણ કરશે. ભાભી, કાકી, ફોઈ, માસી આદિના સંબંધો પણ બંધાશે. વિશેષતો માતૃત્વનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરશે. **‘જનની જોડ સખી નહી મળે રે લોલ’** એ ઉર્મી કાવ્યનો મર્મ ત્યાં પાંગરતો થશે. નાનકડાં બીજમાંથી ઘટાટોપ વૃક્ષ બનતી કુદરતી ઘટના, વિવિધ સ્વરૂપે કન્યાના જીવનમાં પણ બનવાની. કન્યા એ માત્ર કન્યા નથી. સંસાર વૃક્ષનું તેજીલું બીજ છે. આવો વિવિધ સંબંધોની સુવાસ માટે અગરબતિ-કર્મ કન્યાએ નિભાવવાનું છે. વિચાર તો કરો આવો મતવાલો વૈભવ કોના નસીબમાં લખાયેલો છે ? ઘરનો માહોલ પ્રસન્નતામાં પરિણમે - પછી કન્યા સ્વરૂપે પિયરમાં હોય કે શ્વસુર ગૃહે પુત્રવધુ સ્વરૂપે હોય. કુટુંબ કબિલાની પુરી માવજત તેનાં શીરે. એ જવાબદારી બજાવવામાં કોઈજ ઔપચારિકતા નહીં. કોઈ હો - ગોકીરો નહીં. ઈશ્વરે ચીંધેલ કામ કરી જનારી પાકટ બુદ્ધિ ધરાવનારી એ તો મુઠી ઉંચેરી. ધરતીથી તસુ ઊંચી પણ અભિમાનની અંબાડીએ બેસનારી નહીં. તરોતાજા ફૂલ જેવી અને તેના

ગુણ-ફોરમને વહોવનારી. પ્રકૃતિ સ્વરૂપે અવતરી એ તો ડાઘડૂઘ વગરની પ્રકૃતિનો સ્વભાવ જ જતન કરવાનો... એમ કન્યા અને તેના અનેક સ્વરૂપો-બંધાય. પરિવારનું જતન કરી જાણે. કુટુંબની વ્હાલપની ધજા, વત્સલતાના વ્યાપને ઉજાગર કરી દે. ગાગરમાં સાગરનો સ્વાદ ઉમેરી દે. ધરતીમાતાના ખોળે રમનારી આ કન્યાને ઘણી ખમ્મા!!

બોલ્યું એ પાળનારી કન્યા એ માત્ર મા-બાપની દીકરીથી વિશેષ છે. એટલે તો કન્યા વિદાય પ્રસંગે આંસુઓની ધાર વહેતી થાય છે... આવી પડતો ખાલીપો જીરવવો ખુબ આકરો છે. હસતી કૂદતી કન્યાનું આ સાંસારિક પરિવર્તન સંસારને સમજવા માટેની ઉમદા ઘટના છે.

એનું નથી કે કન્યા હંમેશા રમતીયાળ - પ્રસન્ન - આનંદી કે પછી ફોરમની પ્રતિછાયા જેવીજ હોય. તેના સ્વભાવની ય મર્યાદા હોવાની. બધું ઉત્કૃષ્ટ હોય ત્યારે ક્યારેક નબળી પળો પણ આવવાની. સંસારનું આ સત્ય છે. એનાથી ય કવચિત ન ધારેલો મિજાજ પ્રતિકૂળ રૂપે આવી પડે. ધારેલું બધું કડડભુસ થઈ જાય. આવી પ્રતિકૂળતામાં ફીનીક્ષપક્ષીની દંતકથા રૂપનું આચરણ પણ કરી બતાવે ને તૂટેલાને સાંધી બતાવે. અસુખના વાતાવરણમાં નવેસરથી સુખના અને સંતોષના છાંટણા વહાવી તાજગી પણ ભરી દે. હતાશાને હળવાસથી લેવાની પ્રકૃતિદત કળા તેનામાં વિકસતી જ રહે છે. રૂઠતા આવડે મનાવતાય આવડે. સંતોષ તેનું બળ છે. સંસ્કાર તેના જીવનનો પાયો છે.

કન્યા માયાવી સુખદુ:ખથી પર થઈ, તેનાં માથે જે પણ સંબંધોની જવાબદારી ને કારણે કન્યા સ્વરૂપને બાજુ પર મૂકી, તેનાં માથે જે કર્તવ્યભાર આવે તેને રુડી રીતે નિભાવી જાણે ત્યારે હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળ્યા વગર રહે જ નહીં ને બોલાય જ જવાય કે કન્યા! તું તો સ્નેહનો શણગાર છે. પ્રેમનો પુંજ છે. રણઝણતી લાગણીનું વ્હેતું ઝરણું છે. કુદરતની કરામત છો. એમ પણ બને કે ઈશ્વર સ્વરૂપે જ તું હોય!


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**



**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશબુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

**એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ**

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭**



# ।। જૈનમ જયતિ શાસનમ્ ।।

- જયંત એમ. વોરા

જૈન ધર્મ વિજ્ઞાનના નિયમો તથા અહિંસાને વળેલો છે. જૈન ધર્મ પાળનારા શ્રાવક તથા શ્રાવિકા તરીકે ઓળખાય છે. હાલમાં શ્રી મહાવીર સ્વામી પ્રભુનું શાસન ચાલે છે. આ ચોવીસીમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભસ્વામી (શ્રી આદિનાથ) થયા. જેનો જન્મ અયોધ્યા નગરીમાં થયો હતો. જ્યારે ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી (શ્રી વર્ધમાન સ્વામી) થયા છે. જેનો જન્મ ક્ષત્રિયકુંડ નગરીમાં થયો હતો. તીર્થંકરની માતાઓને ગર્ભાવસ્થામાં ૧૪ સ્વપ્ના દીઠા હતાં. જે સ્વપ્ન દ્દષ્ટાએ જન્મ લેનાર પુત્ર તીર્થંકર પદ પામ્યા છે. તીર્થંકર પરમાત્માએ આપેલી ત્રિપદીના આધારે ગણધર ભગવંતોએ દાદશાંગી રચી છે. જૈન શાસનનો જય જય કાર ફેલાવનારા આચાર્ય ભગંવતો અને પંચ પરમેષ્ઠિમાં ચોથા સ્થાને બિરાજમાન ઉપાધ્યાયજી ભગવંતો શ્રી મહાવીર સ્વામીના પાટે શ્રી સુધર્મા સ્વામી ગણધર થયા ત્યારથી તે પાટે સઘળા તેઓની પરંપરાના સમજવાના છે. તેમના અનુસંધાને જૈનશાસન જયવંતુ ચાલ્યુ આવ્યુ છે. ગત ચોવીસી ત્થા આવતી ચોવીસીના તીર્થંકરના નામ શાસ્ત્રોમાં મોજુદ છે. આવતી ચોવીસીના પહેલાં તીર્થંકર શ્રી પદ્મનાભપ્રભુ થાશે. જૈન શાસનના મહાતીર્થમાં સિધ્ધાચલ, સમેતશિખર, અષ્ટાપદ, ગિરનાર, આબુનો સમાવેશ થયો છે. (૧) અતિ પ્રાચીન પ્રતિમાની ગણત્રીમાં ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમથી શ્રી નેમનાથપ્રભુ બાળવ્યભેચારીની ગિરનારમાં આવેલી છે. જેના અધિષ્ઠાયીકા શ્રી અંબિકા દેવી છે. (૨) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી ૧૮ ક્રોડાક્રોડ સાગરોપમ કાળથી અધિક જે શંખેશ્વર તીર્થમાં છે. જેના અધિષ્ઠાયીકા શ્રી પદ્માવતી દેવી છે. (૩) શ્રી મુનીસુવ્રત સ્વામીના સમયમાં ૧૧૮૦,૦૦૦ વર્ષ પહેલાં શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિનું નિર્માણ થયેલ છે. જે પ્રતિમાજી સીરપુર મહારાષ્ટ્રમાં આવેલી છે. હાલના વર્તમાન કાળે પાંચ વિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકર વિચરી રહ્યા છે. જેમાંની શ્રી સીમંધરસ્વામીની પ્રતિમાજી અત્રે દેરાસરોમાં સ્થાપિત જોવામાં આવે છે. ભારતમાં સિધ્ધાચલ તીર્થનો મહીમાં વધુ છે. જ્યાં કાંકરે કાંકરે અનંતા સિધ્ધ પામ્યા છે. શ્રી શત્રુંજય (સિધ્ધાચલ) ગિરિરાજની વિશ્વ પાવનકર સેવા જો એકવાર કરી હોય તો લાખો ભવોના ઉપાર્જન કરેલ પાપો સારી રીતે ક્ષય થઈ જાય છે. આ મહાતીર્થના ૧૦૮ નામ જે પ્રાતઃકાળમાં બોલે અથવા સાંભળે છે તેને સંપત્તિઓ પ્રાપ્ત થાય છે અને વિપત્તીઓ સર્વ રીતે ક્ષય થાય છે, જૈન શાસ્ત્રોમાં જીવાનિગમ, પન્નવણા, ભગવતીસૂત્ર આદિ આગમ શાસ્ત્રોનો મહીમાં અપરંપાર છે. જૈન સમાજને અનુરૂપ જિનતીથી દર્પણ (પંચાંગ) ઘરે ઘરે ત્થા દહેરાસર, ઉપાશ્રયમાં જોવા મળી રહે છે. જેમાં ચોઘડીયા, નવગ્રહના પ્રાર્થના, પ્રભુજીના તીર્થ કલ્યાણક દિવસ ને તેનો જાપ, પચ્ચક્ખાણની વિગતો, બારમાસના તીથીવાર ત્યૌહાર, કાળમર્યાદા, સૂતકવવિચાર, પૂજાનો બાધ ક્યારે રહે, અન્ય ખાસ મંત્રના જાપ, વગેરે વગેરે વિગતથી ભરપૂર છે જે જૈન શાસન માટે જરૂરી છે. જેનો અમલ જૈન સમાજને ઉપયોગી બને છે. આયંબલ તપ, વર્ષીતપ, ઉપધાનતપ, ઔદિતપનો મહીમા જોવામાં આવે છે. શ્રી શાશ્વતી આયંબિલ ઓળી ચૈત્ર તથા આસો માસમાં આવતી રહે છે. જેનો મહીમાં ઘણો છે. મુખ્ય અહિંસાપરમો ધર્મ છે.

પયુષર્ણ મહાપર્વ શ્રાવણવદ-૧૩ થી ભાદરવા સુદ-૪ સુધી દરવર્ષે ઉજવાય છે. જેમાં પર્યુષણપર્વનું કર્તવ્ય, અષ્ટનિકા પ્રવચન કલ્પસૂત્રનું વાંચન, શ્રી મહાવીર સ્વામીનું જનમ વાંચન, ૧૪ સૂપનના દર્શન, સૂર્ય, ચંદ્ર, અષ્ટમંગલ અને કલ્પવૃક્ષના દર્શન, શ્રી ગણધર વાદ પ્રવચન, શ્રી સ્થવિરાવલી વાંચન, શ્રી બારસા સૂત્ર વાંચન, ફોટા દર્શન, સવંત્સરી પ્રતિક્રમણ થાય છે. જેમાં સર્વેજન જોડાય છે. પછી સામુહિક ક્ષમાપના થાય છે. બીજે દિવસે તપસ્વીઓના સામુહિક પારણાં યોજાય છે. ત્થા તપની અનુમોદના કરવામાં આવે છે. પછીના દિવસોમાં સંઘ સ્વામિવાત્સલ અનેરો રખાય છે. ધર્મમય ક્રિયા ઉજાગર થયાના બાદ ક્ષમાપના મિચ્છામી દુક્કડમ્ દ્વારા સર્વે જન ઉજળા બંને છે. જય આદિનાથ - જય મહાવીર - જૈનમ જયંતિ શાસનમ.

**- જયંત એમ. વોરા (ગાંધીનગર)**

# શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૧૫-૧૧-૧૯૨૧

અરિહંત શરણ :
તા.: ૨૭-૧૨-૧૯૯૨

## સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખ

### મૂળ વતન : સરદારગઢ

સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખના જન્મ સોરઠના સરદારગઢ ગામે સને ૧૯૨૧માં થયેલો હતો. તેઓ સ્વ. શ્રી રાયચંદ વેલજી વસા, પાટણવાવવાળાની સુપુત્રી ગુલાબબેન સાથે લગ્નગ્રંથી જોડાઈ અને ૧૯૪૩ની સાલમાં મુંબઈ આવીને ઘાટકોપર ખાતે કુટુંબીજનો સાથે વસવાટ કર્યો. મિલનસાર, શાંત અને મૃદુભાષી સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખને પરિવારમાં ત્રણ સુપુત્રીઓ અને બે સુપુત્રો છે. તેમના પરિવારની આજની તારીખે કુલ ૪૨ જણાનાં પરિવારમાં તેમણે તેમના જીવનમાં અભ્યાસ, કરકસર, નિયમિતતાનાં સંસ્કારનું સિંચન કરેલ અને જેના પરિણામ રૂપે તેમના કુલ ૪૨ જણાનાં પરિવારમાં ૨૧ ડૉક્ટર, ૨ ચાર્ટડ એકાઉન્ટન્ટ અને ૫ એન્જીનિયર છે.

ત્રણ સુપુત્રી શ્રીમતી હસુમતીબેન ભોગીલાલ સંઘવી, શ્રીમતી કુસુમબેન જશુભાઈ લાખાણી (સીએ-યુ.એસ.એ), ડૉ.સરલાબેન પિયુષભાઈ કોઠારી (યુ.એસ.એ), બે સુપુત્રો શ્રી ધીરેન્દ્રભાઈ પારેખ - મુંબઈમાં અને ડૉ. જયંત પારેખ યુ.એસ.એ.માં વસવાટ કરે છે.

**સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના**

**સ્વ.ગુલાબબેન ન્યાલચંદ પારેખ પરિવાર**

| | |
|---|---|
| **શ્રી ધીરેન્દ્ર ન્યાલચંદ પારેખ** | **ડૉ. જયંત ન્યાલચંદ પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રીમતી કોકિલા ધીરેન્દ્ર પારેખ** | **ડૉ. અરુણા જયંત પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રી મયંક ધીરેન્દ્ર પારેખ** | **શ્રી નિરજ જયંત પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રીમતી વૈભવી મયંક પારેખ** | **શ્રીમતી સરીથા નિરજ પારેખ (યુ.એસ.એ)** |
| **કુમારી હીયા મયંક પારેખ** | **શ્રી મિલન જયંત પારેખ (યુ.એસ.એ)** |

**હિના પરાગ પટની, પરાગ કે. પટની, સાગર પરાગ પટની અને સ્મિત પરાગ પટની**

મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ, બંગલો - બી, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૭

મોબાઈલ : ૯૮૨૧૦૭૧૩૨૭

Kayami - December

## શ્રદ્ધાંજલી



# સ્વ. શ્રીમતી જશવંતીબેન પ્રતાપરાય મહેતા

**સ્વર્ગવાસ : તા.૧૫-૧૨-૧૯૮૭**

## સ્વ. પ્રતાપરાય માણેકચંદ મહેતા, વતન કોલકી, હાલ બેંગલોરના ધર્મપત્ની

## સરળ સ્વભાવ, સૌ પ્રત્યે સ્નેહ, પારકાંને પોતાના બનાવવાની તત્પરતા પરિવાર પ્રત્યેની વિશેષ લાગણી અને સદાય હસતો ચહેરો અમે ક્યારે પણ નહિ ભૂલી શકીએ

**પુત્રો** : તનસુખભાઈ, વીરુભાઈ, બિપીનભાઈ, હિતેન્દ્રભાઈ

**પુત્રવધૂ** : નિરુપાબહેન, કોકિલાબહેન, મીનાબહેન, સ્વ.જ્યોતિબેન

**પુત્રી** : ચંદ્રિકાબહેન **જમાઈ** : દિલીપકુમાર

**પૌત્રૌ** : સચિન, કલ્પેશ **પૌત્રવધૂ** : રચનાબહેન, દિનાબહેન

**પૌત્રી** : મીતા, નિકીતા, રોશની, રચના, સ્વ. રિદ્ધિ, વિધિ, ભક્તિ

**જમાઈ** : ભાવિન, હેમલ, જીનેશ, સમીક, જીગર, વિવેક

**પ્રપૌત્ર** : દિવ **પ્રપૌત્રી** : મીશિકા, આરોહી

**પિયરપક્ષે જૂનાગઢ નિવાસી પોપટલાલ દુર્લભજી દોશીના સુપુત્રી**

**માતા** : સ્વ.સમરતબેન

**ભાઈ** : સ્વ.પ્રવીણકુમાર

**ભાભી** : પુષ્પાબહેન

**બહેન** : લિલમબહેન, સ્વ.રશ્મિલાબહેન

**બનેવી** : સુરેશકુમાર, લલિતકુમાર

Kayami - December

# વાંચીએ, વિચારીએ, અંતરમાં ઊતારીએ

❖ સંકલન : હરીશભાઈ હરજીવન સાવડીયા - પોરબંદર - ઘાટકોપર ❖

➪ વેરભાવને ડિલીટ કરી, ક્ષમાભાવને ડાઉનલોડ કરીએ તો જ પ્રભુનું નેટવર્ક પકડાય.

➪ જગતમાં સૌથી સસ્તી ચીજ કોઈ હોય તો તે શિખામણ છે.

➪ ચારિત્ર એ ઘટાદાર વૃક્ષ છે, જ્યારે ''પ્રતિષ્ઠા'' તેનો છાંયો છે.

➪ પ્રાર્થના એ સવારની ચાવી અને સાંજની સ્ટોપર છે.

➪ ''અહંકાર'' અને ''અલંકાર'' ત્યાગવાથી જ જીવન ધન્ય બને છે.

➪ આજની મહેનત એજ આવતી કાલનું નશીબ છે.

➪ જિંદગીનો અડધો ભાગ જૂની પેઢીને સમજવામાં અને બીજો અડધો ભાગ નવી પેઢીને સમજાવવામાં જાય છે.

➪ ઘર એટલે પ્રેમ, વિશ્વાસ અને શાંતિનો ત્રિવેણી સંગમ

➪ મોંઘવારી આપણી ઉંમર જેવી છે, જે વધે છે પછી કદી ઘટતી નથી.

➪ ઘણા માણસો ''સમય'' નથી એવું કહ્યા કરવામાં ખાસ્સો ''સમય'' બગાડે છે.

➪ આપણા દોષોને ફિક્સ ડિપોઝિટમાં મૂકી રાખવાનું આપણને ગમે છે, કારણ કે તે આપણા પોતાના છે.

➪ સગા છે તે વહાલા નથી અને વહાલા છે તે સગા નથી. તેવીજ રીતે જે જુએ છે તે જાણીતા નથી અને જે જાણીતા છે તે જોતા નથી.

➪ જેને સુખી થવું હોય તેણે આ ત્રણ સુવાક્યો યાદ રાખવા જેવા છે.
૧. અપેક્ષા કોઈની રાખશો નહીં.
૨. આવેશમાં કદી આવશો નહીં.
૩. અધીરા કદી થશો નહીં.
આ ત્રણ વચનામૃતો હૃદયમાં ઉતરી જાય તો બેડો પાર

➪ જે જુએ છે તે જાણીતા નથી અને જે જાણીતા છે તે જોતા નથી. છે ને કરૂણતા.

➪ જે ''સમય''ને સાચવે છે તેને ખુદ ''સમય'' સાચવે છે.

➪ આપનારો કદી બહુ વિચારનારો નથી , બહુ વિચારનારો કદી આપી શકતો નથી.

➪ ચાવી - ચાવીને ખાઓ, જોખી જોખીને બોલો, કસી કસીને ખાઓ.

➪ ઠંડે પહોરે આગળ નહી વધો તો ભર બપોરે હેરાન થશો નાની વયે સાધના નહીં કરો તો પાછલી વયે પરેશાન થશો.

➪ સંપતીનો વારસો સુખી બનાવે તેની કોઈ ગેરંટી નથી, સંસ્કારોનો વારસો સુખી બનાવે તેની ''પૂર્ણ'' ગેરંટી છે.

➪ સમય અને સમજણ નસીબદાર માણસો પાસે જ એક સાથે આપે છે. કારણ કે સમય હોય છે ત્યારે સમજણ નથી હોતી અને જ્યારે સમજણ આવે છે ત્યારે સમય ચાલ્યો ગયો હોય છે.

સંકલન : હરીશભાઈ હરજીવન રાજપરિયા
પોરબંદર - ઘાટકોપર

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# દીલની વાતો.....

– સ્વ. રસીક ઝવેરી

ગયે અઠવાડીયે મળેલા એક પત્રનો અહીં જાહેર રીતે જવાબ આપવાનું મન થાય છે. વાચકમિત્ર યુવાન છે. કંઈક કંઈક દુભાયેલા છે, અકળાયેલા છે. લખે છે તમારી વાતો વાંચીને લાગે છે કે તમે તૃપ્ત છો. સંતોષી છો. જીંદગીથી ખુશ છો. મને તો મારી આસપાસ બધે દુઃખનું ધુમ્મસ છવાયેલું લાગે છે. આટલી નાની વયમાં જીવન કાંટાળાજનક લાગે છે. જીંદગી જીવવા જેવી નથી લાગતી. આમ કેમ થતું હશે ?

ઘણા જણને આવી વાતો કરતા સાંભળું છું. મેં પોતે પણ જીવનમાં ઓછી અકળામણો નથી અનુભવી. વરસો પહેલા ગોરખપુરમાં નાથ સંપ્રદાયના એક સંત મળ્યા હતા. મારી એ વખતની અકળામણ જાણી કહે, બેટા, આનંદનો ખજાનો તો આપણા દીલની સંદુકમાં જ પડ્યો છે. એને ખોલવાની જીવનકૂંચી સાંપડે તો બસ, આનંદ આનંદ વરતાઈ રહે. દુનિયા આખી પોતાની પાસે જે નથી એનો વળોપાત કરે છે. સરવાળો કરવા જેવું જ ઘણું ઘણું હાથવગુ છે એની સામે તો નજર સુધ્ધા આપણે કરતા નથી. ઈશ્વરે આપણને બે સરસ આંખો, હાથ, પગ, મગજ, તંદુરસ્તી.... કેટલું બધું આપ્યું છે ! ઘણા અંધ છે, પંગુ છે, પાગલ છે, બીમાર છે, એ બધાને મુકાબલે આપણે કેટલા સુખી છીએ. એ રીતે કદી તેં વિચાર્યું છે ?

એમના આ જીવનગણીતમાંથી મને એક નવી દૃષ્ટી જાણે લાધી ગઈ. શરૂ કર્યો સરવાળાનો પાઠ અને એમણે ગણાવ્યા એવા આનંદના આંકડા ગોઠવવા માંડયા. ઘણી બધી અકળામણ ઓસરી ગઈ. આપણી પાસે જે છે, એની આપણને કદર નથી. હમણાની જ વાત છે. થોડા દિવસ પહેલાં, અચાનક મારા જમણા હાથનોં અંગુઠો પાક્યો. અપાર વેદના થાય. લખાય નહીં. મન બેચેન બેચેન. ત્યારે જ મને રોજના સાથી અંગુઠાની કીંમત સમજાઈ.

(૧૯૫૨-૫૩)માં ગામદેવી પર હું એક વ્યવસાયી લાયબ્રેરી ચલાવતો હતો. દુકાનમાં રીપેર કામ ચાલતું હતું. અચાનક કડીયાના હાથમાંથી તગારૂં છૂટી ગયું. ભીની રેતી સીમેન્ટ ઉડી અને એક મોટું ચોસલું મારી આંખમાં અથડાયું. ડોળો આખો સીમેન્ટથી ભરાઈ ગયો. તરત દવાખાને ગયો, ડૉક્ટર જુના મિત્ર. કહે આ તો સારૂ નથી લાગતું. આમાં મારું કામ નહીં. ટેક્સી કરી મને લઈ ગયા, આંખના નીષ્ણાત ડૉક્ટર ડગન પાસે. એ ભલા અનુભવી. પારસીએ મને ખુબ હીંમત આપી. બન્ને આંખો દવાથી સાફ કરી ખુબ જીણવટથી તપાસી. પછી મલમ લગાડી, બન્ને આંખો પર પાટો બાંધી દીધો. કહે, દીકરા ગભરાતો નહીં. અત્યારે કંઈ કહી શકતો નથી. ત્રણ દીવસ પછી પાટો ખોલીશું ત્યારે બરાબર સમજ પડશે કેટલું નુકશાન થયું છે. ત્રણ દિવસ આંખો બંધ રાખવાની. પાટો બીલકુલ ખોલવાનો નહીં.

એ ત્રણ દીવસ અને ત્રણ રાત અંધાપામાં કાઢ્યાં. હજાર શંકાઓ મનમાં ઉઠતી, આંખો ખોઈ તો નહિ બેસું ? એવો કારમો ભય રૂવાંડે રૂવાંડે છવાઈ ગયો. ત્રણ દિવસમાં તેર ભવનું જ્ઞાન થઈ ગયું. ઈશ્વરની અકળ ગતીનો અને પ્રાર્થના દ્વારા કેવી રાહત મળે છે એનો પરચો મળી ગયો. ચોથે દિવસે પાટો ખુલ્યો અને પ્રભુ કૃપાથી પાછી નરવી દૃષ્ટી સાપડી. જોવાની અને જીરવવાની બંને દૃષ્ટી સાંપડી.

પેલા સંત પુરૂષની વાત વધારે સ્પષ્ટ થતી ગઈ. જીવનનું તમામ દુઃખ હાથમાંના બરફની પેઠે જાણે ઓગળી ગયું. થયું અરે, જીંદગી કેટલી બધી જીવવા જેવી છે ! આજે કોઈ અંધને જોઉં છું અને અનુકંપાથી અંતર છલકાઈ જાય છે. એ ગમે તેવો મેલોઘેલો હોય છતાં સ્નેહથી અને સમભાવથી એનો હાથ પકડી એને રસ્તો પાર કરાવવાનું કદી ચુકતો નથી, બીજાનું દુઃખ અનુભવવાની આંતર નજરમાંથી આપણાં નાનાં નાનાં સુખની કદર કરવાની વૃત્તિ કેળવાય છે. એ જ શું ખરી જીવનકૂંચી નથી ? એમાંથી આપણા દુભાયેલા ભાંડુઓની દુવા સાંપડે છે. અને દુવાની મૂડી તો કેટલી મબલખ છે ! એ મુડી તો આપણને ન્યાલ કરી દે.

થોડા દિવસ પહેલાની જ વાત છે. અમે થોડા સાહીત્યકાર મિત્રો ફુટપાથ પર ઉભા વાતો કરતા હતા. ટૂંકી વાર્તાઓ વિશે ચર્ચા ચાલતી હતી. એક ડોસીમા રસ્તો ઓળંગવાની મથામણ કરી રહ્યા હતા. જરા આગળ વધે અને મોટરનો અવાજ સાંભળી પાછા હઠી જાય. ધ્રૂજતી, જર્જર કાયા, મોં પર જીવનની યાતનાઓ જેવી અપરંપાર કરચલીઓ, ફાટ્યા તૂટ્યા લૂગડાં ને મોટરની અપાર અવરજવરની અકળામણ. જાણે જીવતી જાગતો કરૂણ વાર્તા જોઈ લ્યો. નજર પડી તોયે સૌ વાર્તાની ચર્ચામાં જ મસ્ત હતા ! મારૂ અંતર વલોવાઈ ગયું. ડોસીમાનો હાથ પકડી લીધો. કહ્યુ ચાલ, મા ! તને સામે પહોંચાડી દઉં. ખુબ ભરોસાપુર્વક એણે એની કંગાળ આંગળીઓ મારી હથેળીમાં સોંપી દીધી. રસ્તો પાર થઈ ગયો. એ કહે, બેટા, ત્રણ દીવસથી ભૂખ્યા જેવી છું એટલે કાયા

વારંવાર લથડી પડે છે.

મે પૂંછ્યું, કેટલા પૈસા જોઈએ છે ખાવા માટે એ કહે, પચીસ પૈસા. પંદર પૈસાની ચા અને દસ પૈસાની પાઉંરોટી. દાંત નથી. ચામાં ભીંજવી રોટી ખાઈ લઉં છું. ચા ના મળેતો પાણીથી ચલાવું. ખીસામાં હાથ નાખ્યો. હાથમાં અનાયાસે આવી ગઈ પાંચની નોટ. થયું ડોસીની નસીબની હશે ! આપી દીધી. કહ્યું માડી! વીસ દિવસ સુધી નિરાંતે ખાજે. બુઢીયા ગદગદ થઈ ગઈ. કદાચ કોઈએ એને આટલી રકમ એક સામટી નથી આપી. વાંકાવળી એણે મારા પગ પકડી લીધા. કહે, આ તો પાંચની નોટ છે ! મેં કહ્યું તારા નસીબની હશે. લઈ જા. એની આંખમાંથી આંસુની ધાર વહી ગઈ. કહે બેટા ! તેં મારી આંતરડી ઠારી. ઈશ્વર તને આનો અનેકગણો બદલો આપશે. મારે માથે દુવાનો હાથ ફેરવી, કપડાને છેડે નોટ બાંધી એ ચાલી ગઈ. ખુબ નાનો હતો ત્યારે માને ખોઈ બેઠો છું. જીંદગીભર એનો વસવસો રહ્યો છે. એક દુઃખી સ્ત્રીએ બેટા કહી માથે હાથ ફેરવ્યો ને જાણે પાંચ રૂપીયાના બદલામાં પાંચ કરોડ મળ્યા હોય એવો આનંદ અંતરને અજવાળી ગયો !

એક બીજો પ્રસંગ યાદ આવે છે. ચોપાટીની રેતીમાં ભેળપૂરીવાળા બેસે છે ત્યાં ફરતો હતો. ભીખમંગાની જમાતની એક નાની પાંચ-છ વરસની છોડી ગભરાટમાં રેતીમાં કંઈ ખોળ્યા કરે. ચોધાર આંસુ એ રડે, કરગરે કે મારી આઠ આની પડી ગઈ છે. રેતીમાં જડતી નથી મહેરબાની કરી કોઈ શોધવા લાગો. નહીં મળે તો મારી અમ્મા મને મારી નાખશે ! કોઈ એની વાત કાને ના ધરે. કોઈ વળી મજાક કરે. આ લોકો બડા બદમાશ હોય છે. જુઓ કેવો ઢોંગ કરે છે. આવડી અમથી છોડી ! મને મારી પૌત્રી યાદ આવી ગઈ, એ સાચાંખોટા આંસુ પાડે ને બે-પાંચ રૂપીયા પલકવારમાં વટાવાઈ જાય છે. છોકરીના આંસુ જોઈ મનમાં અજંપો થઈ આવ્યો. ખીસામાંથી આઠ આના કાઢી આપી દીધા. થયું સાચું બોલે છે કે ઢોંગ કરે છે એનો ન્યાય નથી કરવો. પણ એ વખતે એની આંખમાં જે રાહતનો છુટકારો દીઠો, આનંદની જે ઝલક દીઠી એથી મન તૃપ્ત થઈ ગયું. પાસે એક ભૈયાજી ઉભા હતા. કહે, બાબુજી તમે ખુબ સારૂ કર્યુ. છોકરીના નીસાસાને પંપાળીને સાચા ધરમનું કામ કર્યું. ભગવાનને ચોપડે એની નોંધ રહેશે.

આવાં આવાં નાનાં નજીવાં, દિલનો અવાજ સાંભળીને કરેલા કામો, કેવી શાંતી બક્ષી જાય છે, આપણા મનને ! એટલે પેલા વાચકમિત્રના પત્રના અનુસંધાનમાં લખવાનું થાય છે કે : ભાઈ ! જીંદગી ખુબ જીવવા જેવી છે. દુઃખનો અનુભવ તો પારસમણી જેવો છે. એના સ્પર્શે જ તો સુખની કદર કરવાની સૂઝ આપણને સાંપડી શકે છે. દુઃખ નહીં હોય, તો ઝઝુમશું શેની સામે ! એવા ઝંઝાવાતોનો સામનો કરવા માટે દીનદુઃખીયાની દુવા જેવું અમોઘ શસ્ત્ર બીજું એકેય નથી.

અને ગોરખપુરના સંતના શબ્દો ફરી યાદ આવે છે. આનંદનો ખજાનો તો આપણા દીલની સંદૂકમાં જ પડ્યો છે. એને ખોલવાની જીવનકૂંચી સાંપડે તો બસ, આનંદ જ આનંદ વરતાઈ રહે ! **- સ્વ. રસીક ઝવેરી (સ્વ. રસીક ઝવેરી લીખીત ''દીલની વાતો'' ભાગ-૧ નાં પાનાં ૪૦ પરથી સાભાર... ઉ.મ.)**

# "Sorry"

**- દર્શનાબેન પરીમલભાઈ ભીમાણી**

સોરી એ બે અક્ષરનો એક નાનકડો શબ્દ કદાચ આપણે દિવસમાં કેટલીય વખત આ શબ્દને બોલવામાં વાપરતા હશું. પરંતુ ક્યારેય આપણે વિચાર્યુ છે કે આખરે આ શબ્દનો સાચો અર્થ શું થાય છે ?

જ્યારે ઈચ્છા થઈ ત્યારે કહી દઈએ છીએ. ''સોરી'' ક્યારેક રસ્તે ચાલતા કોઈને ધક્કો વાગી જાય ત્યારે, તો ક્યારે કોઈ કામ ટાળી દઈએ ત્યારે, ક્યારેક કોઈ પોલ ખુલી જાય ત્યારે તો ક્યારેક કોઈ બાબત ભૂલી જતાં, ક્યારેક પ્રેમથી મનાવીએ ત્યારે, તો ક્યારેક વિખવાદનો અંત લાવવા.

આખરે આ ''સોરી''... શું અર્થ છે આ શબ્દનો ? આપણા જીવનમાં શું આ એક એવો શબ્દ છે. જેનાથી આપણે પોતાને સંતુષ્ટ કરી શકીએ છીએ. કે કોઈને ચૂપ કરી શકીએ છીએ. શું આ દુઃખતી નસની દવા છે કે વિસરાઈ રહેલા સ્મિતને રોકવાનો કિમિયો... ! શું આપણે સોરી બોલતા પહેલા ખરેખર એ વ્યક્તિ વિષે વિચારીએ છીએ જેને આપણે દુઃખ પહોંચાડ્યું છે. શું આપણે આ ભાવને છેક અંતરના ઊંડાણ સુધી અનુભવી શકીએ છીએ જે આપણે વ્યક્ત કરવા માંગીએ છીએ.

ખરેખર પ્રભુએ બક્ષેલી ક્ષમા યાચના એટલે કે ''*Sorry*'' બોલવાની ખરી ભાવના તો ત્યારે જ સામે આવે છે. જ્યારે આપણે આપણી ભૂલોને અનુભવીએ છીએ અને વેરઝેરના બળબળતા તાપને સમાવી કરૂણા અને પ્રેમનો અમીરસ વરસાવતા રહીએ. ત્યારે વિશ્વાસ જ વિશ્વનો શ્વાસ બને અને હૃદયમાં મૈત્રીભાવનાના ઝરણા વહેતા રહે તેમજ મનની ધરા યુધ્ધભૂમિ ન બનતા શુધ્ધ ભૂમિ બને.

હૃદયમાંથી આત્મગ્લાની નો ભાવ છેક હોઠ સુધી આવી જાય અને અંતે આંખો જ બધી જ વાતો કહી જાય. ત્યારેજ ખરેખર ''*Sorry*'' એટલે કે ક્ષમાયાચનાનો સાચો અર્થ સિધ્ધ થાય છે.

# શ્રદ્ધાંજલીના શ્રદ્ધાસુમન



જન્મ :
તા.: ૨૯-૧-૧૯૫૮


અરિહંત શરણ :
તા.: ૧૬-૧૨-૨૦૧૪

## સ્વ. શ્રી કિરીટભાઈ વૃજલાલ વોરા (ધોરાજી)

**હાલ : રાજકોટ**

**હૃદય અમારાં રડી પડે છે, જોઈ તસવીર આપની,**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની,**
**હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી,**
**સમતા અને મમતા, નમતા અને ખમતા,**
**સહનશીલતા અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં.**
**પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના**

**લિ. સ્વ. વૃજલાલ જગજીવનદાસ વોરા પરિવાર**



**માતુશ્રી વિજયાબેન વૃજલાલ વોરા**


| | | |
|---|---|---|
| **પત્ની** | : | ગીતાબેન કિરીટભાઈ વોરા |
| **પુત્ર** | : | કેવીન |
| **પુત્રવધૂ** | : | ખ્યાતિ |
| **પૌત્ર** | : | યુગ, વિહાન |
| **ભાઈ-ભાભી** | : | શૈલેષભાઈ - રૂપલબેન |
| **ભાઈ-ભાભી** | : | કૈલેશભાઈ - નીતાબેન |
| **ભાઈ-ભાભી** | : | રાજેશભાઈ - બીનાબેન |
| **બહેન - બનેવી** | : | સ્વ. જ્યોતિબેન - રાજેન્દ્રકુમાર |

**ભત્રીજા-ભત્રીજી** : કેવલ-કાજલ, હેનલ, આગમ અને પ્રિયા

Kayami - December

# પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલી

**વિશ્વાગમન :**
**૦૮-૦૨-૧૯૨૮**



**દેહવિલય**
**૦૨-૧૨-૨૦૨૨**

## સ્વ. શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી

**આપનો સદાય હસમુખો, મિલનસાર સ્વભાવ, આપની કુટુંબવાત્સલ્યતા**
**અમારી આંખોની પાંપણો વચ્ચે સતત દર્શનીય રહેશે. મોભી મુરબ્બી તરીકે સમગ્ર પરિવારને સસ્મિત**
**પ્રફુલ્લિત ચહેરાથી એક સૂત્રે જોડીને પ્રેમાળ**
**પ્રતિતી થકી ''સબસે ઊંચી પ્રેમ સગાઈ'' ના મંત્રને સાર્થકતા અર્પણ કરી છે.**
**આપની અપાર આત્મીયતા અને આપ્તજનજો માટેની સહૃદય ખેવના**
**આપના જીવનના અગત્યના માઈલસ્ટોન રહ્યા છે.**
**જીવનની પ્રત્યેક ક્ષણે આપનું સકારાત્મક અભિગમ ધરાવતું**
**વ્યક્તિત્વ અવિરતપણે સંસ્કાર સૌરભ મહેકાવતું રહેશે**

**પરિવારની ભાવભીની અભિવંદના...**

**પુત્ર** : સ્વ.વિરેન્દ્ર મનસુખલાલ ભીમાણી, પરીમલ મનસુખલાલ ભીમાણી
મુકેશ મનસુખલાલ ભીમાણી, પિયુષ મનસુખલાલ ભીમાણી
**પુત્રવધુ** : અ.સૌ.પ્રેરણા વિરેન્દ્ર ભીમાણી, અ.સૌ.દર્શના પરીમલ ભીમાણી
અ.સૌ.નિશીતા મુકેશ ભીમાણી, અ.સૌ.અલ્કા પિયુષ ભીમાણી
**બેન** : અ.સૌ.રેખા રોહિત દોશી / **બનેવી** : રોહિતકુમાર ચંદુલાલ દોશી
**પૌત્ર** : અમિષ પરીમલ ભીમાણી, ક્વિતેષ પિયુષ ભીમાણી, દિપુેશ પિયુષ ભીમાણી
**પૌત્રવધુ** : અ.સૌ.ભક્તિ અમિષ ભીમાણી, અ.સૌ.નિષ્ઠા ક્વિતેષ ભીમાણી
**પૌત્રી** : અ.સૌ.કાવ્યા તેજશ શાહ, અ.સૌ.વૈશાખી કલ્પેશ મહેતા
અ.સૌ.હિલોની રીતેશ દોશી, અ.સૌ.ધારા પારસ મહેતા
**દોહિત્ર** : જીનેશ રોહિત દોશી / **દોહિત્રવધુ** : અ.સૌ.હેમાંગી જીનેશ દોશી
**દોહિત્રી** : અ.સૌ.પૂજા હાર્દિક પારેખ
**પ્રપૌત્ર/પ્રપૌત્રી** : મોક્ષ, નિવાન, પ્રિશા, આશ્વી, વિયાન, આરવ
**પ્રદોહિત્રી** : હેઝલ

# સૌથી મોટાં વૈજ્ઞાનિક કોણ ?

**આરતી રામાણી ''એન્જલ'' - બેંગ્લોર**

કોણે વિચાર્યુ હતું કે માત્ર ઝાડ પરથી એક ફળ નીચે પડવાની ક્રિયા પરથી સર આઈઝેક ન્યૂટનના મનમાં કોઈ પ્રશ્ન ઉદ્‌ભવશે અને એ પ્રશ્નનું નિરાકરણ લાવતા ગુરુત્વાકર્ષણના નિયમની દુનિયાને જાણ થશે ! માઈલો દૂર રહેલાં પરિવાર કે સગાં સંબંધીઓ સાથે ગ્રેહામ બેલની ફોનની શોધ દ્વારા ઘરે બેઠા આરામથી વાતો કરી શકાશે. અને સમય જતા વીડિયો કૉલ દ્વારા રૂબરૂ મળ્યા જેવી જ અનુભૂતિ થશે ! માત્ર થોડા જ કલાકોમાં અનેક કિલોમીટરનું અંતર કાપી રાઈટ બ્રધર્સ વિમાનની શોધ દ્વારા, તો ઈગોર સિકોસ્કી હેલિકોપ્ટરની શોધ દ્વારા આપણને આપણી મંઝિલ સુધી પહોંચાડી દેશે અને જેમનાં માટે આ મુસાફરીનો ખર્ચો પરવડી શકે તેમ ના હોય, તેમને જ્યોર્જ સ્ટિફન્સની રેલ્વે એન્જિનની શોધ ખૂબ જ સસ્તા ભાવમાં અને આરામદાયક મુસાફરી કરાવશે ! આવી તો કેટલીયે શોધ થઈ છે, જે માટે વૈજ્ઞાનિકોની આપણે જીવનભર આભાર માનીએ એટલો ઓછો જ છે.

પરંતુ મનમાં એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે ! આ બધી જ શોધ કરનાર વૈજ્ઞાનિકોમાંથી સૌથી મોટાં વૈજ્ઞાનિક કોણ ? બ્રહ્મગુપ્ત, કે જેમણે આપણને શૂન્ય અંકનું અસ્તિત્વ બતાવ્યું, કે પછી નાસા, જેમનાં દ્વારા આપણે મંગળ સુધીની સફર કરી શકીશું ? જી. માર્કોની, કે જેમણે રેડિયો દ્વારા આપણને મનોરંજન પૂરૂં પાડ્યું. કે પછી જહોન લૂઈસ બૈર્ડ, જેમણે ટેલિવિઝન દ્વારા દરેક દ્રશ્યો ઘરે બેઠા નજરે નિહાળી શકવાની સુવિધા પૂરી પાડી ? જે.બી.પ્રિસ્ટલ, કે જેમણે આપણને શ્વાસમાં અંદર લેતા ઓક્સિજન વાયુની જાણકારી આપી, કે પછી જોસેફ બ્લેક, કે જેમણે આપણને શ્વાસમાં બહાર છોડતા કાર્બન ડાયોક્સાઈડ વાયુની જાણકારી આપી ! જોસેફ નિલેફોર નિપ્સ, કે જેમણે સુંદર પળોને કેમેરામાં કેદ કરવાની સવલત આપી, કે પછી બ્રિગ્યુએટ, જેમણે સમય સાથે ચાલવા માટે કાંડા ઘડિયાળની ભેટ આપી ! જહોન વોકર, કે જેમણે દીવાસળીની શોધ દ્વારા દુનિયાને નવી પ્રકાશપુંજ આપ્યો. કે પછી ગેલિલિયો, જેમણે થરમોમીટરની શોધ કરી !

જ્યારે દુનિયાભરથી ફરીને નજર પાછી વળે. ત્યારે ફક્ત તે આપણા શરીર પર આવીને અટકે છે અને ત્યારે જ હકીકત સમજાય છે, કે દુનિયાનાં સૌથી મોટાં વૈજ્ઞાનિક કોણ છે ! જેમણે લાખો જીવોની ઉત્પત્તિ કરી, તેમની જરૂરિયાત પ્રમાણે તેમને શરીરનાં આકાર અને અંગો આપ્યાં. તેમાં પણ તેમની સૌથી અદ્‌ભુત શોધ એટલે માનવ ! ક્યારેય વિચાર્યુ છે, કે આપણી બે આંખો વચ્ચે જ નાક કેમ છે ? નાકની નીચે જ હોઠ કેમ છે ? તેની અંદર વળી દાંતનું રક્ષાકવચ અને એ રક્ષા કવચની અંદર ખૂબ જ કોમળ જીભ ! કાન શા માટે બે અને એ પણ બાજુ પર કેમ છે ? હાથ શા માટે કોણીથી જ વળે છે ? કોણીની જેમ ખભાથી કેમ નહીં ? શા માટે પગના પંજા લાંબા છે અને એ પણ શરીરનાં કદ પ્રમાણે નાના મોટા અને આ બધાં ઉપર ચામડીનું મોટું કવર ! વળી ઠાંચાને ઊભો રાખવા માટે અંદર હાડકાંનો પાયો રોપ્યો ! આ બધું એમને એમ તો ચાલે નહીં એ માટે તેમાં ફેફસા. શ્વાસનળી અન્નનળી, હૃદય, મગજ, જઠર, સ્વાદુપિંડ, નાનાં મોટાં આંતરડા, જેવાં વિવિધ યંત્રો મૂક્યાં, વળી યંત્રને ચલાવવા માટે ઈંધણ રૂપે લોહી પૂર્યુ ! શું આ કારીગરી કોઈ સમજી શકે ખરાં ? ખરેખર જોવાં જઈએ તો આ જ સૌથી મોટી શોધ છે. વૈજ્ઞાનિકો કૃત્રિમ હૃદય સાથે કૃત્રિમ અંગો પણ બનાવી શક્યાં. પરંતુ શું લોહી કોઈ બનાવી શકે છે ખરાં ? આ બાબતમાં દુનિયાનાં સૌથી મોટાં વૈજ્ઞાનિક ઈશ્વરે પોતાની મોનોપોલી રાખી છે, જે હજું સુધી કોઈ ભેદી શક્યું નથી. કદાચ નજીકનાં ભવિષ્યમાં આ મોનોપોલી કોઈ વૈજ્ઞાનિક ભેદી શકશે કે કેમ એ તો સમય જ કહી શકે !

શ્રી આદિનાથાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૦૩-૧૨-૧૯૭૧

અરિહંત શરણ :
તા.: ૧૩-૧૧-૨૦૨૦

## સ્વ. વિપુલભાઈ પ્રફુલ્લચંદ્ર મહેતા

**વડાલ (સોરઠ) નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ**

દિલની વાત હોઠ પર આવીને અટકી ગઈ, શબ્દો ખૂટ્યાને લાગણીઓ ગૂંચવાઈ ગઈ...
જીંદગી હતી ટૂંકી અને માયા મોટી લગાડી ગયા, છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય, કાળજુ અમારૂ કંપાવી ગઈ
અંજલિ આપતા હૈયુ ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે
પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના

શ્રદ્ધાંજલિ સહ શોકાતુર

**પિતા** : સ્વ. ડૉ. પ્રફુલચંદ્ર જે. મહેતા **મોટાભાઈ** : ડૉ. નિમેષ પી. મહેતા
**માતા** : રસિલાબેન પી. મહેતા **ભાભી** : ડૉ. અલ્પા એન. મહેતા
**પત્ની** : જિજ્ઞાબેન વી. મહેતા **ભત્રીજી** : દ્રષ્ટિ **ભત્રીજો** : દર્શન

**સ્વ. જેચંદ કાલિદાસ મહેતા પરિવાર**

Eye 2 Eye
DIVYADRASHTI EYE CARE CENTRE
i5 opticals
Dr. P. J. Mehta Memorial Charitable Trust

**022-28955555 / 28931927**

Kayami - December

# ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# સ્વ.શ્રી કાંતિભાઈ ધરમશી પારેખ

## ''પિતૃ દેવો ભવ''



''નામ તેવા જ ગુણને સાર્થક કરવું ધુપસળીમય જીવન, સંયુક્ત કુટુંબને કેમ સાચવી શકાય અને કુટુંબનો આધારસ્તંભ કઈ રીતે બની શકાય તેનું ઉદાહરણ એટલે કાંતિભાઈ ધરમશી પારેખ.''

શ્રી કાંતિભાઈનો જન્મ જૂનાગઢ સરદારગઢમાં થયો હતો. કાંતિભાઈ પારેખ નમ્ર, મિલનસાર અને પરોપકારી ભાવનાવાળા સંનિષ્ઠ વ્યક્તિ હતા. તેઓ ૧૯૫૧માં મુંબઈ આવી ૧૯૫૪માં પોતાના બન્ને ભાઈઓ સાથે ટુલ્સનો વ્યાપાર શરૂ કરી, દીર્ઘદ્રષ્ટિ અને મહેનતથી શૂન્યમાંથી સર્જન કરી નાગદેવીમાં આગવું સ્થાન ગ્રહણ કર્યુ હતું. અને આજેપણ તેમની સ્થાપેલ કંપની તેમના બન્ને દીકરાઓ ખૂબજ સુંદર રીતે ચલાવીને પ્રગતિ કરી રહ્યા છે.

શ્રી કાંતિભાઈ ઓછું બોલીને વધારે કામ કરતા અને કોઈપણ જાતની મોટાઈ, માન અભિમાન કે પદવીના આગ્રહ વિના હંમેશાં કામ કરતા. તેઓ ધાર્મિક કાર્યમાં પણ લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતાં. જૂનાગઢમાં તેમનાં પત્નીના નામે 'મંજૂષા' હોલ બનાવ્યો છે. શંખેશ્વર, ઈડર, શાહપુરમાં પણ રૂમો બનાવી છે. તથા સાંતાક્રુઝ ઉપાશ્રયમાં પણ તેમણે યોગદાન આપેલ છે.

તેઓ સાંતાક્રુઝના કુંથુનાથ જિનાલયમાં પણ ટ્રસ્ટી હતા અને આયંબિલ શાળામાં પણ તેઓ તન-મન-ધનથી યોગદાન કરતા.

કહેવાય છે કે શ્રી કાંતિભાઈને બે જ મિત્રો હતા. એક તેમનાં પત્ની 'મંજુલાબેન' અને બીજું નાગદેવીનું કામ. મંજુલાબેન સાથે ૪૨ વર્ષના લગ્નજીવનમાં એમણે ભરપૂર જિંદગી માણી હતી. તેમના જીવનનો એક જ મંત્ર હતો - 'સેવા કરો પણ ફળની આશા ન કરો, માનવ સેવા એ જ સાચો ધર્મ છે.'

આવા વિરલ વ્યક્તિ આજે સમાજે ગુમાવેલ છે. તેમની ગેરહાજરી કુટુંબીઓની સાથે સમાજને પણ સાલશે. પણ ઈશ્વર પાસે કોઈનું ચાલતું નથી.

આજે તેમના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના પુત્ર શ્રી ગીરીશભાઈ પારેખ આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ છે. તેઓ પણ સુંદર રીતે સમાજ સેવા કરી રહેલ છે.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

# ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## સમાજ પ્રત્યે સેવા, નિષ્ઠા અને સમર્પણ

# સ્વ. શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા



કુશાગ્ર બુદ્ધિચાતુર્ય, સાહસ, ધૈર્ય અને વ્યવહારકુશળતા દ્વારા એક પછી એક પ્રગતિના શિખરો સર કરીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી હતી. એવા મુરબ્બી સ્વ. શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા આપણા સમાજના અગ્રીમ હરોળ ટોચના આગેવાન હતા.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની રચના થઈ અને તેને સંગઠિત સ્વરૂપ મળ્યું ત્યારથી માંડીને અત્યાર સુધી તેમણે સમાજની અપ્રતિમ સેવા કરી હતી. અને સમાજને એક યા બીજી રીતે સહાયભૂત થઈ રહ્યા હતા. તેઓ આપણા સમાજના ખૂબ જ જાણીતા, સંનિષ્ઠ, સજ્જન અને કર્તવ્યપરાયણ વ્યક્તિ હતા. કોઈપણ કાર્યમાં બીજાને ઉપયોગી થવું અને જરૂર જણાય ત્યાં વિના સંકોચે સહાયભૂત થવું એ તેમનો જીવન સાથે વણાયેલો સ્વભાવ હતો.

સ્નેહસંમેલનથી માંડીને અન્ય પ્રવૃત્તિઓ સુધીનું શ્રી ગીરધરલાલ વોરાનું સમાજ પ્રત્યેનું યોગદાન અવર્ણનીય છે. સમાજમાં કોઈપણ જગ્યાએ કોઈપણ જાતના હોદ્દા વગર સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે તારતમ્ય સાધીને તેને પ્રગતિના રાહ પર લઈ જવાનું ચિંતન અને તેને માટે બનતું બધું કરી છૂટવાની ભાવના તેમના મનમાં હંમેશાં રહી છે. તેઓ મૃદુભાષી હતા. જરૂર સિવાય બોલવાનું ગમતું નહીં. જે બોલે તે વિચારીને સમજીને બોલતા અને તેમનો એક એક શબ્દ અર્થપૂર્ણ રહેતો.

મુરબ્બી શ્રી ગીરધરલાલનો જન્મ ૧૯મી એપ્રિલે થયો હતો. તેમણે દે.મુ.જૈન બોર્ડિંગ જૂનાગઢ ખાતે મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને મુંબઈને પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર બનાવ્યું હતું. પ્રારંભિક નોકરી પછી પોતાના સ્વતંત્ર બાંધકામના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું અને અનેક કેમિકલ, કાઉન, કોર્ક, મેટલ પ્રિન્ટિંગ તથા કોમ્પ્યૂટર ઈન્ડસ્ટ્રીઝ ચાલુ કરી હતી. આ બધામાં તેમને સુપુત્રો શશિકાંતભાઈ, દિનેશભાઈ, પ્રદીપભાઈ, જિતેન્દ્રભાઈ, મનોજભાઈ અને અશ્વિનભાઈનો સાથ મળ્યો હતો. સુપુત્રી મંજુલાબેન અને જમાઈ દીપકકુમાર જયંતીલાલ શાહ તેમની પ્રગતિના દૃષ્ટા બન્યા હતા. ધર્મપત્ની સમજુબેનની ભલી લાગણી અને પ્રેરણાથી પ્રગતિના પથ પર આગળ વધવામાં અનેરો સાથ મળ્યો હતો. આ બધી પારિવારિક શક્તિઓએ ગીરધરલાલને હૂંફ બક્ષી હતી અને તેમની વિજયયાત્રા ખૂબ આસાન બની હતી.

શ્રી ગીરધરલાલે રાજકોટ ખાતે દે.મુ.જૈન બોર્ડિંગની નવરચનામાં તન, મન અને ધનથી મહત્ત્વની સેવા બજાવી હતી. અને વર્ષો સુધી બોર્ડિંગના મેનેજિંગ ટ્રસ્ટી પદે રહ્યા હતા. તેઓ ખૂબ જ વ્યવહારકુશળ હતા. તેમનું અનુભવનું જ્ઞાન અદ્‌ભુત હતું. તેમનું ગણિત સીધું સાદું હતું. કોઈપણ કામનું પરિણામ આવવું જોઈએ. પરિશ્રમ વગર સફળતા મળે નહીં અને કોઈપણ કામ કરતા પહેલાં તેના તમામ પાસાઓ અંગે વિચાર કરવો અને પછી તેમાં ઝંપલાવવું, નિષ્ફળતાથી ડરવું નહીં, સફળતા માટેના પ્રયાસો ચાલુ રાખવા આ બધા તેમના જીવનના સફળતાના મંત્રો હતા.

સ્વ. શ્રી ગીરધરલાલ જુદા જુદા વિષયોના અભ્યાસી હતા. ધર્મ, જીવન અને વહેવાર અંગેનું તેમને જ્ઞાન ઊંડું હતું. તેમનામાં દરેક પ્રશ્નને ખરા અર્થમાં સમજવાની શક્તિ હતી. દિલાવર દિલ નેક ભાવના, મિલનસાર સ્વભાવ અને મૈત્રીપૂર્ણ વહેવારથી તેમણે સમાજમાં ખૂબ જ ચાહના મેળવી હતી અને લોકપ્રિયતા હાંસલ કરી હતી.

''તેમનું જીવન સૌના માટે દીવાદાંડીરૂપ છે.''

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## પ્રેમ અને સ્નેહની સરવાણી

# સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા



સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની સ્નેહસંમેલનની કાયમી યોજનામાં પ્રેરણાદાતા સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા પરિવારના સૌજન્યમૂર્તિ હતા. તેમનામાં નામ એવા ગુણ હતા. તેમનું નિર્દંભ, નિખાલસ અને નિરાભિમાન વ્યક્તિત્વ, શાંત સૌમ્ય પ્રકૃતિ, ધીરજ અને સહિષ્ણુતા હંમેશા યાદ રહેશે.

૧૯૯૧ની પહેલી ડિસેમ્બરે ૭૦ વર્ષની વયે તેમના દેહવિલય થયો હતો. તેમનું સમગ્ર જીવન સમર્પણની ભાવનાથી વણાયેલું હતું. તેઓ મીતભાષી હતા. સામા માણસને સમજવાની અને તેને મુલવવાની તેમની અદ્‌ભુત શક્તિ હતી.

તેમણે પ્રેમ, સ્નેહ અને સમજદારીથી કુટુંબમાં ઉચ્ચ સિંચન કર્યું. સુખ-સમૃદ્ધિ છતાં વિનમ્રતા, આદર અને સરળતા રાખીને તેઓ સૌના સ્નેહના અધિકારી બન્યા હતાં. કુટુંબમાં સ્વતંત્રતા સાથે શિસ્ત અને સંયમ, ઉદારતા સાથે દયા અને કરુણા, વિનય સાથે આદર સત્કાર, ધર્મ સાથે નિર્દંભતા અને વહેવાર સાથે પ્રામાણિકતા અને ભાવપૂર્વક આગતાસ્વાગતા કરવી, તેમનું અભિવાદન કરવું એ તેમની આગવી વિશિષ્ટતા હતી.

સમજુબેન જીવનના હર પ્રવાહને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શક્યા હતાં. સુખ તેમને છલકાવી શક્યું નહોતું અને દુઃખ તેમને વિચલિત કરી શક્યું નહોતું. જીવનના આ બંને સમાન ધ્રુવો વચ્ચે તેમણે અજબનું સમતુલન જાળવી રાખ્યું હતું. સમગ્ર સમાજને તેઓ પરિવાર જેવો ગણાતા હતા અને સૌ પ્રત્યે તેઓમાનની નજરે જોતાં હતાં.

પરિવાર તરફથી જે કોઈ સામાજિક અને ધાર્મિક કાર્યો અને અનુષ્ઠાનો થયા તેમાં સમજુબેનની પ્રેરણા રહેલી હતી. કુટુંબ પરિવાર તેમના હૃદયની ઈચ્છા અને ભાવનાને સાકાર કરવા માટે માનવતા, દયા અને કરુણાના અનેક કાર્યો કર્યા હતાં.

સમજુબેનને પિતાશ્રી ઝીણાભાઈ અભેચંદ મહેતા અને માતુશ્રી હરખબેન તરફથી જે પાયાના સંસ્કારો મળ્યા હતા તે સંસ્કારો, વિનય અને વિવેકને તેમણે કુટુંબમાં બળવત્તર બનાવ્ય હતા. સંતાનો માટે તેઓ જન્મદાત્રી અને સંસ્કારદાત્રી હતાં. પરિવારમાં માતાનું સ્થાન, ઘરમાં ગૃહિણીનું શું સ્થાન છે તે તેમણે પોતાના જીવન દ્વારા સમજાવ્યું હતું અને આ જવાબદારી સુપેરે નિભાવી હતી.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો, બીજાનું દુઃખ જોઈને તેઓ દ્રવી ઉઠતાં હતાં અને પોતાનાથી બનતું બધું કરી છૂટતા હતાં. પરિવારની સફળતાનો યશ તેમને ફાળે જાય છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

આવા પ્રેમ, દયા અને કરુણાના મહાસાગર જેવા સમજુબેન ગીરધરલાલ વોરાને માનભરી અંજલિ. તેમનું સમાજ અને કુટુંબ પ્રત્યેનું તર્પણ ભૂલાશે નહીં.

''તેમની સ્મૃતિ સદૈવ અંકિત રહેશે''

# સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ ટ્રસ્ટ.

તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય
બ્લોક નં ૭, ૨જે માળે, દેવકરણ મેન્શન, વીઠ્ઠલદાસ રોડ, મુંબઈ -૪૦૦૦૦૨
(Registered Under the Bombay Public Trust Act. 1950 - E-008474(Mum))
CSR Reg. No. - CSR 00055317 PAN No. AAATS2942P 80G Reg. No. AAATS2942P2021401

# આરોગ્ય આર્થિક સહાય યોજના

- શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન સમાજ મુંબઈની સ્થાપના ૩.૧૦.૧૯૭૦ ના રોજ થઈ હતી અને આજે ૩.૧૦.૨૦૨૩ ના રોજ ૫૪માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે.
- ૫૪માં વર્ષની સ્થાપનાની ઉજવણીના ભાગરૂપે સમાજ તેના સભ્યો માટે **આરોગ્ય આર્થિક સહાય યોજના** લાવી રહ્યું છે જેની વિગત નીચે મુજબ છે.

## BANK DETAILS

SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST
UNION BANK OF INDIA
PRINCESS STREET, MUMBAI – 400 002
S/B A/C NO. 319102010054364
IFSC : UBIN0531910
NO CASH WILL BE ACCEPTED

## ઉદ્દેશ

હોસ્પિટલના થતા અધિક ખર્ચમાં રાહત આપવાનો મુખ્ય હેતુ.
સ્વપ્નદ્રષ્ટા એવા આપણા સમાજના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ મહેતા તથા કમિટીના સભ્યો અને ટ્રસ્ટિગણ આ યોજનામાં દાતાઓ તથા સભ્યોના અપ્રતિમ સહકારની અપેક્ષા રાખે છે.

## પેમેન્ટ ફેસીલીટી

ખાસ નોંધઃ પ્લેટિનમ, ડાયમંડ અને ગોલ્ડ દાતાઓ દાનની રકમ બે ભાગમાં આપીને (૮૦જી) નો લાભ લઇ શકશે.

# આ યોજનામાં નીચે મુજબના દાતાઓ રહેશે :

## ૧. પ્લેટિનમ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે પરિવારનો રંગીન ફોટો ફૂલ પેજ છાપવામાં આવશે)
૨૦૫૦ સુધી ડોનરના નામે સ્કીમનું નામ આપવામાં આવશે.

**૫૪,૦૦,૦૦૦/-**

## ૨. ડાયમંડ દાતાઓ

(મુખપત્રમાં દર વર્ષે બે મોટા રંગીન ફોટા છાપવામાં આવશે)

**૫,૪૦,૦૦૦/-**

## ૩. ગોલ્ડ દાતાઓ:

(મુખપત્રમાં દર વર્ષે એક પાસપોર્ટ સાઇઝનો રંગીન ફોટો છાપવામાં આવશે)

**૫૪,૦૦૦/-**

## ૪. સિલ્વર દાતાઓ

(મુખપત્રમાં એક વર્ષ પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો છાપવામાં આવશે).

**૫,૪૦૦/-**

## | વધુ માહિતી માટે સંપર્ક કરી શકો છો:

### Fund Raising Committee

૧) કીરીટભાઈ પી. મહેતા
૨) ભરત એન. મહેતા
૩) પ્રેમલભાઈ એલ. મહેતા
૪) પંકજભાઈ કે. વોરા
૫) કમલભાઈ કે. દોશી
૬) પરીમલભાઈ એમ. ભીમાણી

### Executive Committee

૧) કીરીટભાઈ પી. મહેતા
૨) ધીરેનભાઈ ડી. વસા
૩) યોગેશભાઈ વી. વોરા
૪) કીશોરભાઈ એલ. રામાણી
૫) જયેશભાઈ સી. વસા
૬) પી. સી. વોરા

JVK
SECURITIES
SAFE & SMART INVESTMENT

VINIT DEEPAK KHAKHRA

- EQUITY
- COMMODITIES
- CURRENCY
- MUTUAL FUND
- INSURANCE
- MEDICLAIM
- IPO
- FINANCE

DEEPAK PRATAPRAI KHAKHRA :

*Title : Worried about physical transfer of shares???*

*1. Shares certificate are misplaced or lost but receiving dividends regularly on that shares*

*2. Shares and Dividend are deposited in to IEPE (Government Account)*

*3. Mismatch of names as per share Certificate V/s Demat Account of share*

*4. Demat of shares not happening due to signature mismatch*

*5. Difference of Name change before and after marriage*

*6. Transfer of shares from deceased parents name (After Death of Parents) to your name*

*7. Any other problem not listed above but need help for physical shares*

*M.:- 99670 50116 / 8779614453*
*jvksecurities@gmail.com*

*M.: - 9987063519 / 7977779126*
*deepakkhakhra10@gmail.com*

***One stop solution for above problems, contact US***

H/704, VARDHMAN NAGAR, DR. R P ROAD,
MULUND (WEST) MUMBAI-400080

# Bio- Data

**Personal Details**

**Name** : **Manali Ajit Vora**

**Residence** : 1003, Amar Residency,
Kamla Nehru Cross Rd NO 1, Jethva Nagar,
Kandivali (West) Mumbai-400067

**Birth Details** : 15th February 1995 Time: 01:30 PM
Nallasopara Mumbai.

**Height** : 5"Ft
**Personality** : Independent and Fun loving

**Education** : Masters of Commerce &
Bachelor of Accounting and Finance

**Hobbies** : Watching Movies, Travelling Freak and Cooking.

**Occupation** : Office and Admin work in Private Company



**Family Background**

**Samaj & Caste:** Shri Sorath Visha shrimali- Derawasi Jain

**Native Place** : Magharwada (Junagadh -Gujarat)

**Grand Father** : Lt.Jayantilal Jivanbhai Vora
(Junagadh - Gujarat)

**Father** : Ajit Jayantilal Vora (B.Com)
**Occupation** : Manager- Construction Industry
**Mobile No** : 09867841091 Email: vora.ajit@yahoo.com

**Mother** : Pragna Ajit Vora (B.Com)
**Occupation** : House Wife
**Mobile No** : 07666166403

**Brother** : Nishant Ajit Vora {Married} MBA.
**Occupation** : Asst.manager Ecommerce with Cello

**Sister in law** : Prachi Nishant Vora
**Occupation** : Specialist Quality Engineer with LTIMindTree



**Uncle** : Lt:Vijay Jayantilal Vora (Junagadh -Gujarat)
**Faiba** : Nayna Pradeepkumar Otamchand Vora (Jamnagar)

**Mosal** : Lt.Prabhudas Dosalal Mehta
Moti Paneli (At Present -Bhayander Mumbai)

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

વ્હાલસોયા ભાઈ

## સ્વ. શ્રી રશેષને શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી રશેષ મધુબેન વિનોદરાય મહેતા

જન્મ : તા.૨૯-૧૨-૧૯૭૫

સ્વર્ગવાસ : ૨૯-૧૨-૨૦૦૪

ચિ.ભાઈ રશેષ મધુબેન વિનોદરાય મહેતાની ૧૯મી
પુણ્યતિથીની સ્મૃતિરૂપે

''સોરઠ વિસાશ્રીમાળી'' મુખપત્રને ડિસેમ્બર
માસના સૌજન્યદાતા તરીકે યોગદાન મળેલ છે.

**શ્રીમતી પુનિતા જનક દેસાઈ પરિવાર (યુ.એસ.એ.)**
**માતુશ્રી મધુબેન વિનોદરાય મહેતા (મુંબઈ)**



# ભાઈબીજ સ્નેહ સંમેલન અહેવાલ ૨૦૨૩

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈનું ૫૧મું ભાઈબીજ સ્નેહ સંમેલન બુધવાર તા.૧૫-૧૧-૨૦૨૩ના રોજ બિરલા માતુશ્રી સભાગ્રહ ખાતે યોજવામાં આવ્યું હતું. જાહેર રજાનો અભાવ, ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની સેમી ફાઈનલ અને સભ્યોની અમુક અંશે સમાજના પ્રોગ્રામ પ્રત્યેની ઉદાસીનતાને કારણે કાર્યક્રમ નિર્ધારિત સમય ૯.૩૦ કલાકને બદલે ૧૧.૦૦ ક્લાકે શરૂ થયો. સભ્યોની પાંખી હાજરીમાં શ્રી અરૂણભાઈ વોરા, શ્રી પરિમલ ભીમાણી, શ્રી કિર્તીભાઈ વસા, કુમારી કૃતિ શાહ, શ્રી ભરતભાઈ મહેતા, જયંતભાઈ દોશી તથા રીનાબેન મહેતાએ કરાઓકે ટ્રેક પર ગીતો ગાયા.

કાર્યક્રમની શરૂઆત મંત્રી શ્રી આશિષ મહેતાએ અતિથિ વિશેષ તરીકે પધારેલ મહેમાનોને મંચ પર આવકાર્યા અને પ્રમુખશ્રી તથા સમાજના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી જયંતભાઈ દોશી દ્વારા નવકારમંત્ર તથા સરસ્વતી સ્તુતિનું પઠણ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી આશિષ મહેતાએ સહુને આવકારતા વર્ષ દરમ્યાન સમાજ દ્વારા થયેલ વિવિધ કાર્યોનો અહેવાલ રજૂ કર્યો હતો. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રમુખ શ્રી કિરીટભાઈએ સભ્યોને આવકારતા સહુને નવા વર્ષની શુભેચ્છા આપી હતી. સમાજ દ્વારા આયોજિત મેઘધનુષ અને રાસગરબા કાર્યક્રમની સફળતા માટે દાતાઓનો તથા કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજના ચોપનમાં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ''આરોગ્ય સહાય યોજના''ની જાહેરાત કરી હતી.

પ્રથમ અતિથિ વિશેષ ડૉ.વર્ષાબેનનો પરિચય મુખપત્રના તંત્રી શ્રી રાજેન્દ્રભાઈ પુનાતરે આપ્યો હતો. ડૉ. વર્ષાબેને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીમાં પી.એચ.ડી કરેલ છે. મુસ્લિમ અલ્પસંખ્યક એવી રીઝવી કોલેજના પ્રિન્સિપાલ છે. તેમણે પોતાના વકતવ્યમાં આજના સમયમાં શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પોતાના અનુભવોને અનુલક્ષીને સમાજને ઉપયોગી થવા પોતાની ઈચ્છા વ્યક્ત કતી હતી.

બીજા અતિથિ વિશેષ શ્રી સુશિલભાઈ શાહનો પરિચય કમિટીના સભ્ય શ્રી શૈલેષભાઈ વોરા એ આપ્યો હતો. શ્રી સુશિલભાઈ જેઓ મિકેનિકલ એન્જિનિયર સાથે એમ.બી.એ પણ કર્યુ છે. અને હાલમાં એચ.એસ.બી.સી બેંકના સીનીયર વાઈસ પ્રેસિડન્ટ છે. મરાઠી માધ્યમમાં ભણ્યા પછી આટલા ઉચ્ચ હોદ્દા પર પહોંચવું એ ખરેખર સહુ માટે પ્રેરણાદાયક છે. તેમણે પણ આજનો સમય ઉચ્ચ શિક્ષણ અને નવી નવી ટેક્નોલોજીનો છે તેના પર ભાર મૂક્યો અને આજના યુવાનોને આ પડકાર ઝીલવા તત્પર રહેવાની શીખ આપી. પોતાના જીવનની સફળતાની પૂરો યશ પોતાના માતાપિતા તથા ધર્મપત્ની શ્રીમતી નેહાબેનને આપ્યો. શિક્ષણ ક્ષેત્રે સમાજને કોઈ પણ રીતે ઉપયોગી થવાની પોતાની ઈચ્છા અને તત્પરતા દર્શાવી.

ત્રીજા અતિથિ વિશેષ શ્રીમતી રૂપાબેન સચદેવનો પરિચય શ્રી કિશોરભાઈ રામાણીએ આપ્યો હતો. શ્રીમતી રૂપાબેન પણ સ્નાતક છે જેમણે સાયકોલોજીમાં બી.એ. કર્યું છે. રૂપાબેન સમાજની કમિટીના કો.ઓપ્ટ સભ્ય શ્રી પ્રવીણભાઈ વોરાના સુપુત્રી છે જે આપણા સમાજ માટે ગર્વ લેવા જેવી વાત છે. રૂપાબેન સમાજની વિવિધ પ્રવૃત્તિઓથી પરિચિત છે અને સમાજની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ તેમાં પોતાનું યોગદાન આપવાની ઈચ્છા વ્યક્ત કરી.

ચોથા અતિથિ વિશેષ શ્રી અભયભાઈ કિરીટભાઈ પારેખનો પરિચય શ્રી કિર્તીભાઈ વસાએ આપ્યો હતો. શ્રી અભયભાઈ સી.એ. થયેલ છે અને તેઓ પણ શૈક્ષણિક ક્ષેત્રે ખુબજ કાર્યરત છે. ધોરણ નવ અને દસના વિદ્યાર્થીઓને એકાઉન્ટસ, ઈકોનોમિક્સ અને મેથ્સનો વિષય ભણાવે છે. એમણે પણ પોતાના વક્તવ્યમાં શિક્ષણ પર ખુબજ ભાર મૂક્યો અને સમાજના વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનું માર્ગદર્શન જોઈતું હોય તો તેમનો સંપર્ક કરવા જણાવ્યું. ભાઈબીજ સંમેલનના કાયમીદાતાના યજમાન પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત શ્રી અશ્વિનભાઈનો પરિચય શ્રી જયેશભાઈ એસ. વસાએ આપ્યો હતો. શ્રી અશ્વિનભાઈ પણ અતિથિ વિશેષની જેમ ઉચ્ચ શિક્ષિત છે. જેમણે એન્જિનિરીંગ અને એમ.બી.એની ડિગ્રી મેળવી છે. પોતાની શૈક્ષણિક પ્રગતિ માટે પોતાના માતુશ્રી સમજુબેન તથા પિતાશ્રી સ્વ. ગીરધરલાલ જીવણભાઈ વોરા અને મોટાભાઈ શ્રી શશીકાંતભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો. સમાજની પ્રગતિ માટે યુવાનોને આગળ આવવા માટે આહ્વાન કર્યુ હતું.

આ વખતના સંમેલનના દરેક અતિથિ વિશેષ તેમજ યજમાન પ્રતિનિધિની ખાસ બાબત એ હતી કે દરેક જણ ઉચ્ચ શિક્ષિત હતા અને પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છે.

મહેમાનોના વકતવ્ય બાદ આરોગ્ય સહાય યોજના માટે ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા તથા શ્રી ભરતભાઈ મહેતાએ તેમની આગવી શૈલીમાં ખંડમાં બેઠેલા સહુને અનુદાન આપવા માટે આહવાન કર્યુ હતું જેનો ખુબજ સુંદર પ્રતિસાદ મળ્યો હતો અને જોતજોતામાં લગભગ પચીસ લાખ જેટલી રકમ જમા થઈ હતી. પ્રમુખશ્રીએ આ યોજનામાં ઓછામાં ઓછા ચોપન લાખ રૂપિયા આ વરસમાં ભેગા કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

કમિટીના સભ્ય શ્રી સંજયભાઈ મહેતાએ વર્ષ ૨૨-૨૩ના શૈક્ષણિક ઈનામના વિજેતાઓના નામની જાહેરાત કરી હતી. અને વારાફરતી મહેમાનોના હસ્તે દરેકને ઈનામો આપવામાં આવ્યા હતા. આ વખતના ઈનામો શ્રી પ્રાણલાલભાઈ કપૂરચંદ દોશી તરફથી આપવામાં આવ્યા હતા. જેમનું શ્રી પી.સી.વોરા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. એસ.એસ.સી ના વિશિષ્ટ ઈનામોની જાહેરાત શ્રી સંજયભાઈ મહેતાએ કરી હતી અને વિજેતાઓને અનુક્રમે ૫૦,૦૦૦ - ૩૦,૦૦૦ અને ૨૦,૦૦૦ના ચેકો તથા એપ્રીસીએસન સર્ટિફિકેટ પ્રમુખશ્રી કિરીટભાઈના હસ્તે આપવામાં આવ્યા હતા. એસ.એસ.સીનાં વિશિષ્ટ ઈનામોના દાતાશ્રી ડૉ.ભુપેન્દ્રભાઈ નરોત્તમ વોરા તથા ડૉ.શોભનાબેન ભુપેન્દ્રભાઈ વોરા પરિવાર વતી શ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ વોરાનું બહુમાન શ્રી સંજયભાઈ મહેતા અને શ્રી જયેશભાઈ સી. વસા દ્વારા કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષ ડૉ. વર્ષાબેન શાહના પિતાશ્રી શ્રી જેઠાલાલભાઈ જેઓ સ્વાતંત્ર સેનાની છે તેમનું પ્રમુખશ્રીના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક યોજનાના કાયમી દાતા શ્રીમતી કંચનબેન અમિચંદભાઈ વોરાનું પ્રમુખશ્રી દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતું. ધાર્મિક ઈનામોના નામોની જાહેરાત શ્રી સંજયભાઈ મહેતાએ કરી હતી.

અંતમાં મંત્રીશ્રી પરિમલ ભીમાણીએ આભારવિધિ કરી હતી અને સંપૂર્ણ કાર્યક્રમનું સુંદર સંચાલન બદલ મંત્રીશ્રી આશિષ મહેતાનો આભાર વ્યક્ત કર્યો હતો અને સહુને સ્વાદિષ્ટ ભોજનને માણવા વિનંતી કરી હતી.

(આડ વાત : પચાસ વર્ષની ઉજવણી વખતે નવસો માણસોની હાજરી સામે આ વખતે પાંચ સો માણસોની હાજરી - આ બાબત ગંભીરતાથી વિચારવા અને સમજવાની જરૂર છે.)

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર કમીટી

પ્રણામ, શ્રી સોરઠ વિસા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરની વાર્ષિક સામાન્ય સભા તા.૧૯-૧૧-૨૩ રવિવારના મંડળની ઓફિસમાં રાખવામાં આવી હતી.

જેમાં નીચે મુજબના સમિતિ સભ્યોની આગામી ૩ (ત્રણ) વર્ષ માટે નિમણુંક કરવામાં આવી જેની નોંધ લેવા વિનંતી

(૧) શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા - પ્રમુખ

(૨) શ્રી સુરેશભાઈ ખુશાલચંદ ધ્રુવ - તત્કાલીન પ્રમુખ અને સલાહકાર

(૩) શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી - ઉપપ્રમુખ

(૪) શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા - મંત્રી

(૫) શ્રી મુકેશભાઈ ચીમનલાલ ઠક્કર - સહમંત્રી

(૬) શ્રી અનિલભાઈ કાંતિલાલ પારેખ - ખજાનચી

**અન્ય સમિતિ સભ્યો :**

(૭) શ્રી ભરતભાઈ ન્યાલચંદ મહેતા

(૮) શ્રી શૈલેષભાઈ અનિલભાઈ મહેતા

(૯) શ્રી મનીષભાઈ કિશોરચંદ્ર વોરા

(૧૦) શ્રી જયેશભાઈ નગીનદાસ સાવડીયા

(૧૧) શ્રી અતુલભાઈ હસમુખભાઈ મહેતા

(૧૨) શ્રી મિતેષભાઈ અરવિંદભાઈ ભીમાણી

(૧૩) શ્રી ધર્મેશભાઈ ગીરીશભાઈ કોરડિયા

(૧૪) શ્રી ભાવિનભાઈ જવાહરભાઈ શેઠ

(૧૫) શ્રી નિર્ભયભાઈ હરીશભાઈ સાવડિયા

(૧૬) શ્રી ભૌતિકભાઈ કિર્તીભાઈ ભણશાલી

**કો.ઓપ્ટ સભ્ય :**

(૧૭) શ્રી પિયુષભાઈ મનસુખલાલ ભીમાણી

(૧૮) શ્રી પ્રદીપભાઈ છોટાલાલ શાહ


વંદીત તેજસ પારેખ
ઉંમર ૧૦ વર્ષ

## તપશ્ચર્યા :

ચિ. વંદીત તેજસભાઈ પારેખ, ઉ.વ. ૧૦, પર્યુષણ પર્વમાં ખુબ શાતાપૂર્વક અઠ્ઠાઈ તપ પૂર્ણ કરેલ છે.

# જીવન બહુ જ બરછટ છે, મોત બહુ જ સુંવાળું છે

**ડૉ. શરદ ઠાકર**

અરે, કનુભાઈ તમે! સવાલ સાંભળીને હું બગવાઈ ગયો. કારણ કે સવાલ મને ઉદ્દેશીને જ પૂછાયો હતો અને મને ખબર છે ત્યાં સુધી મારૂં નામ કનુ નથી. એ વખતેય ન હતું. અત્યારે પણ નથી. હું સ્પષ્ટપણે ના પાડવા જ જતો હતો, પણ એ સાંભળે તો ને? એ એક દૂધવાળો હતો. હું ત્યારે મેડિકલ કોલેજમાં ભણતો હતો અને હોસ્ટેલમાં રહેતો હતો. અઢાર વર્ષની ઉંમર હતી. એ ઉંમરે મારૂં શરીર ખૂબ જ પાતળું હતું. આઠમા ધોરણમાં ભણતો છોકરડો હોઉં એવો હું દેખાતો હતો. મને લાકડી જેવો કહેવો તે લાકડીનું અપમાન કહી શકાય! ઘર છોડીને પહેલીવાર આ રીતે બહાર નીકળ્યો હતો. પિતાજી નિયમિત રીતે પત્રો લખતા રહેતા હતા, એમાં એક વાતની ચિંતા અને એક બાબતની સલાહ હોય, હોય અને હોય જ. મને તમારી તબિયતની ખૂબ ચિંતા રહે છે. મેડિકલ કોલેજનો અભ્યાસ ખૂબ મહેનત માગી લે તેવો અઘરો હોય છે અને તમારૂં શરીર બહુ નબળું છે. ખોરાકનું ધ્યાન રાખજો. મેસનું ખાવાનું ન ભાવે તો દૂધનો ઉપયોગ વધારી દેશો. મારા પિતાજી પત્રમાં મને હંમેશા તમે જેવા માનવાચક સંબોધનથી જ ઉલ્લેખતા હતા. હું ચીડાઈને એમને આવું કરવાની ના પાડતો. તો પણ તેઓ ક્યારેય સુધર્યા નહીં. (સાચું કહું તો બગડ્યા નહીં) પિતાજીની સલાહ માનીને મેં સવાર-સાંજ બંને સમય માટે દૂધનું લગવું બંધાવી દીધું. વિશાળ કેમ્પસ હતું. આઠ હોસ્ટેલ્સ હતી. આઠસો જેટલા વિદ્યાર્થીઓ હતા. એટલે એક કરતાં વધારે દૂધવાળાઓ સાઈકલ પર બેસીને એમના બાંધેલા ઘરાકોને દૂધ પહોંચાડવા માટે આવી જતા હતા. મેં પણ એક દૂધવાળાને સવાર-સાંજ બે વાર અડધો અડધો લીટર દૂધ આપી જવાની સૂચના આપી દીધી. એ જમાનો ઘરે ઘરે રેફ્રિજરેટર હોવાનો ન હતો, ત્યારે હોસ્ટેલમાં તો એવી લકઝરી હોય જ ક્યાંથી? એટલે સવારે આવતું દૂધ એકી શ્વાસે હું ગટગટાવી જતો અને સાંજનું દૂધ પીવા માટે તેમજ રાતે ચા બનાવવા માટે વાપરતો હતો. તકલીફ એ હતી કે રોજનું એક લિટર દુધ પીતો હોવા છતાં મારા વજનમાં એક ગ્રામનો પણ વધારો નોંધાતો ન હતો. કારણ સ્પષ્ટ હતું. દૂધવાળો જેને દૂધ સમજતો હતો એને હું પાણી કહેતો હતો. એકબે વાર મેં એને આવું પાણી જેવું દૂધ આપવા બદલ ખખડાવ્યો ત્યારે એણે ખુલાસા કર્યો. ભાઈ, અમારો નિયમ છે. ઘરાક ગમે તેટલો ભાવ ચૂકવે. તો પણ અમારાથી કુંવારૂં દૂધ ન જ અપાય. દૂધને પરણાવવું જ પડે. એમાં પાણી નાખીને આવી હાલત હતી ત્યાં ઉપર લખેલા સંવાદવાળી ઘટના બની. સાંજનો સમય હતો હું હોસ્ટેલમાંથી નીકળીને મારા બે રૂમ પાર્ટનર્સ જોડે પગ પગ છુટ્ટો કરવા માટે નીકળ્યો હતો, ત્યાં મહેંદીની વાડ આગળ મારી સામેની દિશામાંથી સાઈકલ પર બેસીને આવી રહેલો એક પચીસેક વર્ષનો દૂધવાળો હું કંઈ કહું એ પહલાં જ એ બોલવા માંડ્યો, કનુભાઈ, આવું તે કરાતું હશે? આપણા ગામડે હોઈએ ત્યારે તો તમારા બાપુ અમારૂં કેટલું ધ્યાન રાખે છે. ગામના જમીનદારોનો દીકરો અહીં ભણતો હોય અને અમને જાણ પણ નહીં કરવાની? જે થયું તે થયું પણ આજે તમે પકડાઈ ગયા. બોલો, ક્યા રૂમમાં રહો છો, કનુભાઈ? કાલથી તમને દૂધ આપવાની જવાબદારી મારી! ચોખ્ખું દૂધ જ આપીશ. અને પૈસા આપવાની તો તમે વાત જ ન કરતા. મારા સમ છે. મારા દિમાગમાં અંકોડા મળતા જતા હતા. ઘણું બધું સમજાઈ રહ્યું હતું. આ દૂધવાળો શહેરમાં રહેતો હતો. પણ એના ગામડામાં કોઈક કનુ નામનો છોકરો રહેતો હશે. જે મારો હમશક્લ હોવો જોઈએ. ઈશ્વરે અદ્દલ એકસરખા ચહેરાઓ ચહેરાઓ ધરાવતા કોઈ બે માણસો બનાવ્યા જ નથી. પણ પચાસ ટકાથી વધુ સામ્ય ધરાવતા અસંખ્ય માણસો હોય છે. ભગવાન પણ ચહેરાઓનું કેટલું વૈવિધ્ય, ક્યાંથી લાવે? ખાસ તો બે સમાન શકલ ધરાવતા માણસોને એકબીજાથી અલગ પાડીને જોવામાં આવે ત્યારે આવી ગેરસમજ અવશ્ય ઉદ્ભવે છે. મારા રૂમ પાર્ટનરે મારો હાથ પકડીને દબાવ્યો. હું સંકેત સમજી ગયો. હા, ઓળખાણ પડીને?

કેમ છો તમે ? મેં મભમપણે વાત શરૂ કરી દીધી. બેપાંચ મિનિટમાં શક્તિપૂર્વક એની પાસેથી જ એનું ગામ અને નામ જાણી લીધા. બીજા દિવસથી જૂના દૂધવાળાને છુટ્ટો કરી દીધો હું ત્યારે પણ જાણતો હતો કે હું અસત્યનો આશરો લઈ રહ્યો હતો. મહાત્મા ગાંધીજીની આત્મકથામાંથી મને જાણવા મળ્યું હતું કે સત્ય માત્ર આચરણમાં જ નહીં, વિચારોમાં પણ હોવું જોઈએ. પણ હોસ્ટેલમાં રહીને હાડમારી વેઠતા સૂકલકડી છોકરાને અઢાર વર્ષની ઉમરે શુદ્ધ, સત્યનો આટલો બધો આગ્રહ રાખવો પરવડે નહીં. ચોખ્ખું દૂધ પીવા મળતું હોય તો હું કનુભાઈ બની જવા તૈયાર હતો. (અલબત્ત મહિનાના અંતે મેં એને દૂધના બદલામાં પૈસા તો આપ્યા જ.) હું જિંદગીમાં મોટી મોટી વાતોમાં સત્યનું પાલન કરૂં છું. નાની નાની બાબતોમાં ચપટીક અસત્ય ભાષણ પણ કરી લઉં છું. શરત એટલી જ કે એનાથી કોઈનું ભલું થવું જોઈએ. ભલેને પછી એવું ભલું મારૂં કેમ ન થતું હોય ? ઉપરની ઘટના પછીની પંદરેક વર્ષ પછીની વાત. હું અમદાવાદના એક મોટા સ્ટોરમાં જથ્થાબંધ ખરીદી માટે ગયો હતો. મને ભાવ-તાલમાં બાર્ગેઈનિંગ કરવાનો ખાસ શોખ. જીદની કક્ષાનો જો દુકાનદાર એક પૈસોયે ઓછો કરવાની ના પાડી દે, તો હું બીજી દુકાને ચાલ્યો જાઉ. ભલે પછી ત્યાં મારે વધુ ભાવ ચૂકવવો પડે. આ દુકાનદાર સાથે પણ હું ભાવની બાબતમાં જીદ ઉપર અડી ગયો. એ તો અડિયલ હતો જ હું પગથિયાં ઉતરી ગયો. છેલ્લા પગથિયે હતો. ત્યાં જ સામે એક આધેડ પુરૂષ ભટકાઈ ગયો. પછી ખબર પડી કે એ પણ આ સ્ટોરનો માલિક જ હતો. પેલા અડિયલનો મોટો ભાઈ. એ મને જોઈ રહ્યો પછી પૂછવા લાગ્યો અરે, પરીખ સાહેબ તમે ? કેમ ખાલી હાથે દુકાન છોડી રહ્યા છો ? પરીખ સાહેબ ? તમે ? હું ગૂંચવાયો. પણ મારા દિમાગમાં અંકોળા મળતા જતા હતા. પંદર વર્ષ જેટલા લાંબા અરસા પછી ફરી એકવાર મને કનુભાઈનો અને મારો ત્રીજો હમશકલ દેખાઈ રહ્યો હતો. એ મને સોગંદ આપીને પાછો સ્ટોરમાં લઈ ગયો. નાના ભાઈને ખખડાવી નાખ્યો. માણસ જોઈને વાત કરતાં શીખ ! આ પરીખ સાહેબે બે વર્ષ પહેલાં આપણું પંદર લાખનું નુકસાન થતું અટકાવી આપ્યું હતું. મેં મોટા પાયે ખરીદી કરી લીધી. માલ એનો ભાવ મારો ! આ વખતેય હું જાણતો હતો કે હું અસત્યનો આશરો લઈ રહ્યો હતો, પણ જિંદગીમાં નાની નાની વાતમાં કોઈના ભલા માટે જુઠ્ઠું બોલવામાં મને પાપ નથી જણાતું. ખાસ તો એ ભલું જો મારૂં થતું હોય તો ! બીજા વીસ વર્ષ પસાર થઈ ગયાં. છેલ્લાં બેત્રણ મહિનાથી દર રવિવારે અમદાવાદથી ચાલીસેક કિલોમીટરના અંતરે આવેલા ગામડામાં મફત આરોગ્ય સુવિધા પૂરી પાડવાનો કાર્યક્રમ મેં હાથમાં લીધો. ભગવાનના આશીર્વાદ અને તમારા જેવા લાખો વાચકોની શુભેચ્છાઓ મારી સાથે છે. માટે સરસ રીતે કામ થઈ રહ્યું છે. થોડા દિવસ પહેલાં એક ઘટના બની ગઈ. મને ફરીવાર કનુભાઈ અને પરીખ સાહેબ યાદ આવી ગયા. એક અત્યંત ગરીબ, ગ્રામીણ, આધેડ વયની સ્ત્રી મારી સામે આવી. સીસમના લાકડા જેવી ચામડી, ફિક્કી આંખો, નિસ્તેજ ચહેરો, અર્ધપાગલ જેવી બોલચાલ. આવી તો હતી પેટના દુ:ખાવાની દવા લેવા માટે, પણ મને રૂટિન વર્તન કરતો જોઈને એ ફરિયાદ કરવા માંડી, પાઠક સાહેબ, કેમ સાવ આવું કરો છો ? જાણે ઓળખતા જ નથી. હું ચોંકી ગયો. કહેવા જતો હતો કે નથી જ ઓળખતો વળી ! આજે પહેલીવાર તો તમે આવ્યા છો મારી પાસે. પણ એણે મને પાઠકસાહેબ કહ્યો હતો માટે મેં ધીરજ ધરી રાખી. એ બોલ્યે જતી હતી. તમારા ભાઈબંધ ગુજરી ગયા એટલે સંબંધ કાપી નાખવાનો ? યાદ નથી ? મારા ઘરવાળા જ્યારે ડેરીમાં નોકરી કરતા હતા ત્યારે તો તમે અઠવાડિયામાં ત્રણ વાર મારા હાથની ચા પીવા.. અંકોડા મળી ગયા. હું બનાવટી ઉત્સાહથી ઉછળી પડ્યો. કેસ-પેપરમાં એનું નામ લખેલું હતું એ તાજું કરી દીધું. અરે, લીલાભાભી ? તમે ? માફ કરજો, હોં ! તમે તો સાવ સૂકાઈ ગયાં છો પછી ક્યાંથી ઓળખાવ..? મારે અભિનય જ કરવાનો હતો. એ પણ પાંચ જ મિનિટ માટે. કરી લીધો હું જાણતો હતો કે હું અસત્ય આચરી રહ્યો હતો. પણ જિંદગીમાં નાની નાની વાતમાં જૂઠ્ઠું બોલવાની મને આદત છે. ખાસ તો કોઈનું ભલું થતો હોય તો ! પછી ભલે ને ક્યારેક આવું ભલું બીજા કોઈનું થતું હોય ! (શીર્ષક પંક્તિ : ધૂની માંડલિયા) (સત્ય ઘટના)

drsharadthaker@yahoo.com **ડોક્ટરની ડાયરી. ડો. શરદ ઠાકર**

# વાચનાના અંશો....

## પૂ.ગુરૂદેવ ગણીવર્ય શ્રી યશરત્નવિજયજી મ.સા.

અરિહંત પરમાત્માની એવી શું પરમ કૃપા થાય કે પામર ગણાતો જીવ પણ પરમેશ્વર બની શકે. પાપી ગણાતો જીવ પણ નિષ્પાપ જીવન જીવી શકે, અધમ અને અપરાધી ગણાતો જીવ પણ અરિહંતની કક્ષાએ પહોંચી શકે. એવી શું તાકાત અરિહંત પરમાત્માની કૃપામાં છે. એક વાત યાદ રાખો, અરિહંતની કૃપા એ તો આધાર છે, અને એ આધાર જ્યારે પાવરફુલ હોય ત્યારે જીવનું આખું આયોજન દિવ્ય અને ભવ્ય હોય છે. પરમાત્માની ક્યા ક્ષેત્રે કઈ કૃપા કામ કરે છે કે જેનાથી જીવ એકાએક બદલાઈ શકે. સામાન્યથી કહેવાય કે (૧) પ્રભુની આકૃતિ (૨) પ્રભુની આજ્ઞા (૩) પ્રભુનું આયોજન જીવને બદલી શકે છે. એક વાત યાદ રાખો, પરમાત્માની આકૃતિ એક પરા સંદેશ છે પરા સંદેશ એટલે (૧) ''તમે જે જીવો છો એનાથી જુદા જીવનનો પરિચય આપે છે.'' (૨) ''તમે જે જીવનમાં પામ્યા છો એના કરતાં પણ ખરેખર ઉપલબ્ધિ કંઈક જુદી છે. એવો એક અણસાર આપે છે.'' (૩) ''તમે જે જીવી રહ્યા છો એના કરતાં જીવન કંઈક અલગ છે એવો ઈશારો કરે છે.'' અભિવ્યક્તિ વિનાની આકૃતિ એટલે કે અંદરથી પરમ ઠરેલ પણું. પરમાત્મા ન તો રોષાય મુદ્રામાં હોય, ન રાજી થઈ ગયાની મુદ્રામાં હોય ન આવેશ ગ્રસ્ત મુદ્રામાં હોય. (૧) આકૃતિના માધ્યમે પરમાત્મા તારે છે બીજું કઈ ન આવડે તો પણ ખાલી પરમાત્માને જોયા કરે તો પણ અંદરથી ઠરી શકે આવી તાકાત પ્રભુની આકૃતિઓમાં છે. પરમ શાંત આકૃતિ પરમ સોમ્ય આકૃતિ પરમ સ્થિતપ્રજ્ઞ આકૃતિ પરમ ઠરેલ હોવા પણું જગતની બનતી ઘટના પ્રતિકૂળ હોય કે અનુકૂળ હોય પણ છતાં બધી ઘટનાઓમાં સર્વ સ્વીકાર જળકે એવી આકૃતિ. એ આકૃતિને જોતા જોતા ભક્તની આંખો અમી ભરેલી થઈ જાય છે. જ્યારે દીવાની જ્યોત પ્રભુ પ્રકાશિત હોય ત્યારે તે આકૃતિ ઓર મોહક હોય છે. મોહક એટલે મોહ પેદા કરે નહીં પણ મોહ હરે એવી મોહકતા. લાઈટથી અને દીવાથી પ્રકાશિત આકૃતિમાં ઘણો ફરક હોય છે. દિવાથી પ્રકાશિત આકૃતિમાં પ્રભુની આભા હોય છે. દીવાથી પ્રકાશિત આકૃતિમાં એક વિશિષ્ટતા હોય છે પ્રભુ પુરા પ્રકટે. સંમોહનનો નિયમ છે. બધું ઓપન હોય તો સંમોહન ન પ્રગટે. અમુક ઓપન છે, જે તમને આકર્ષે છે. અમુક ઓપન નથી, જે તમને ઓર ગહનમાં ઉતારવા માટે પ્રેરણા રૂપ બને છે. દીવામાં વિવેક છે, મર્યાદા છે, અને ઔચિત્ય છે. કેટલું પ્રકાશિત કરવું અને કેટલું પ્રકાશિત ન કરવું એની પ્રાકૃતિક સૂઝ બુઝ છે. માટે જ, દીવાથી પ્રભુ ઝળહળે છે, ત્યારે એવા ઝળહળેલા પ્રભુમાં આકર્ષણની પણ તાકાત છે, અને પેટાળમાં ઉતારવાની પણ તાકાત છે.

પ્રકૃતિથી મોહરેલી પ્રકૃતિ દીવો એ પ્રાકૃતિક તત્વ છે, અને એ પ્રાકૃતિક તત્વોની ઉજાસથી જ્યારે પ્રભુ જોવા મળે છે, ત્યારે એ ઉજાસથી નિરખાતા પ્રભુ પાછા કંઈક અલગ આભામાં હોય છે. દીવાની વિશિષ્ટતા એ છે, એ અંધકારને જાળવી રાખે છે અને અંધકારને નાબૂદ નથી કરતો. દીવાની વિશિષ્ટતા એ છે, અંધકારને ટકાવી પણ રાખે છે, અને અંધકારમાં પ્રકાશનું અસ્તિત્વ તમને ઓળખાવે છે. દીવાની વિશિષ્ટતા એ છે, અંધકારમાં પ્રકાશનું આલંબન પર્યાયો વચ્ચે દ્રવ્યનું આલંબન. આવું આલંબન આપવાની તાકાત પ્રાકૃતિક તત્વોમાં (દીવો) છે. માટે જ દરેક જિનાલયોની અંદર દીવા મુકવાની પ્રથા છે. જ્યોતિથી પ્રકાશિત જ્યોતિ અને આ જ્યોતિને ઓળખવા માટે તમારે જ્યોર્તિમય થવું જ પડશે. કારણ કે જ્યોતિ જ જ્યોતિને પ્રકાશિત કરી શકે છે. આકૃતિમાં (૧) શબ્દ આકૃતિ : શબ્દોમાં વર્ણવી શકાય એવો આકાર (૨) અશબ્દ આકૃતિઃ શબ્દોના આકારની જે વિશિષ્ટતા છે, એ અશબ્દ આકાર સુધી લઈ જઈ શકે છે. પરમાત્મા સ્થિરાસન અને મૌનમાં હોય છે. એ સ્થિરાસનમાં પણ આનંદ છે. મૌનમાં પણ સ્મિત છે. આ બંને એવી સૂચના કરે છે પ્રભુ અંદરથી પરમ ઠરેલ છે. સૌથી પ્રથમ ઉપાસના પ્રભુની આકૃતિની કરવાની છે.

ભક્ત આકારના માધ્યમે નિરાકાર પ્રભુને સ્પર્શે છે અને એ સ્પર્શના થતાની સાથે જ આકારોથી ઉપર ઊઠીને નિરાકાર પ્રભુને સંવેદે છે. પોતે પણ પોતાના આકારથી ઉપર ઊઠીને પોતાના હૃદયમાં રહેલું નિરાકાર તત્વ સંવેદે છે. જે વ્યક્તિ

નિરાકારના ઈશારા રૂપે આકારને ઓળખે છે. એ વ્યક્તિ આકારના માધ્યમે નિરાકાર સુધી પહોંચી શકે છે. આ વાત હંમેશા ધ્યાનમાં રાખજો (૧) આપણને મળેલો સમય ખૂબજ ઓછો છે. (૨) ઓછા સમયમાં પણ ગલત તરફ આકર્ષે એવા નિમિત્તો પારાવાર છે. (૩) આપણે નિમિત્તવાસી ચેતનાને સાથે લઈને બેઠેલા છે. (૪) કાળ અને સમાજના પ્રવાહથી ઉપર ઉઠી શકે એવું તત્વ આપણી પાસે નથી. (૫) સાહસિક પુરૂષોનું આલંબન લઈને વળી શકે એવા પ્રકારની આંતરિક સમર્પિતતાની ઉણપ છે. (૬) આ બધું જાણીને સમજીને સાધના માટે એકમાત્ર લક્ષ્ય રાખી શકે એવા હૃદયનો દુષ્કાળ છે. સાધના માટે જે મુદ્દાઓ બિનજરૂરી, નિરર્થક, નકામા છે. એ મુદ્દાઓને લઈને વિચાર વિમર્શમાં ઉતરીએ તો તમે સંશોધક બની શકો. પણ સદભાવના માધ્યમે જે સાધના કરવાની છે, એમાં બિલકુલ જ આગળ વધી નહીં શકો. દેરાસરને લઈને મનમાં વિચારતા શિલ્પને પણ ઉપદેશપદ નામના ગ્રંથમાં પાપશ્રુત કહ્યું છે.

સભા અમે તો ભગવાનનું વિચારીએ છીએ. (કેટલા વર્ષ જૂના છે. એની ઊંચાઈ કેટલી છે. એમની આંખો કેવી છે. બાંધણી કેવી છે, દેરાસર કેવું છે. પરીકર કેવું છે.) આ બધું વિચારી એ તો ભગવાન સંબંધી છે અને ભગવાન સંબંધી આવા વિચાર કરવા તો એને પાપશ્રુત કહો છો, તો આ તો બહુ મોટી વાત છે. તમે ભગવાનનું વિચારો છો એ વાત બરાબર છે. પણ ભગવાનના વિરોધમાં થઈને વિચારો છો, એટલે પાપશ્રુત કહ્યું છે.

સભા : આમાં વિરોધ ક્યાં ? તમે આ વિચાર ક્યા લેવલ ઉપર રહીને કરી શકો છો. એ વિચારો પ્રભુ સ્વરૂપે રહીને તમે વિચારી શકો છો કે પ્રભુ સ્વરૂપથી ભિન્ન એવા બુદ્ધિના માળખામાં બેસીને તમે આ વિચારો છો. એટલે જ્યારે બુદ્ધિના માળખામાં તમે બેસો છો ત્યારે તમારા ભીતર બિરાજમાન પ્રભુના વિરોધમાં જ બેસો છો. એટલે કે તમે પ્રભુના થઈને પ્રભુને નથી સ્પર્શી રહ્યા પ્રભુના વિરોધમાં બેસીને પ્રભુને સ્પર્શી રહ્યા છે. ઉપદેશપદ નામના ગ્રંથમાં તો ત્યાં સુધી કહ્યું છે. જ્યારે તમારે પ્રભુમય બનવાનું હતું એના બદલે પ્રભુથી વિરોધી માળખામાં બેસીને પ્રભુનો વિચાર કરો છો તો વધુમાં વધુ તમે સંશોધન કરી શકશો. વધુમાં વધુ આ જગતમાં કોઈ સત્ય રજૂ કરી શકશો. વધુમાં વધુ સમાજની વચ્ચે તમે કોઈ ઈતિહાસિક જાણકાર છો એવી છબી ઉભી કરશો, વધુમાં વધુ તમારા આધારે બધું જાણી શકાય, સમજી શકાય આ પ્રકારની આસ્થા ભેગી કરી શકશો. પણ આમાનું કોઈ તમારી સાધના માટે, તમારી દુર્ગતિને અટકાવવા માટે તમારી આંતરિક પ્રસન્નતા માટે, નિમિત્ત બની શકે એવી શક્યતા ધરાવતું નથી. પરમાત્માએ તો ત્યાં સુધી કહ્યું છે, જ્યારે મારામાં ભળવું છે, ત્યારે મારા શિલ્પનો વિચાર એ પણ તમારા માટે અવરોધ છે. પણ શરૂઆતમાં મહિમાગાન માટે મહિમાગાન તે પણ આકારનો મહિમા એ વધે એ માટે નહીં પણ નિરાકારના ઈશારા પકડી શકો એવી સગવડ ઊભી થાય એ માટે સદગુરૂ કહે છે, એ વાત જુદી છે. પણ આપણે એમાં રોકાયેલા રહીએ એ વાત જુદી છે. દા.ત. સદગુરૂ જ્યારે પણ કહેતા હોય છે, આ પરમાત્મા પ્રાચીન છે તો સદગુરૂનો સંદર્ભ એ નથી કે આ પથ્થર કેટલો જૂનો છે. સદગુરૂનો સંદર્ભ એ હોય છે. આ આકારને લઈને નિરાકારના ઈશારાને પકડીને અસંખ્ય યોગી પુરૂષો નિરાકારમાં ચાલ્યા ગયા છે. આવું ઊર્જાનું આલંબન આજે તારી પાસે છે. તું પણ આ નિરાકારના ઈશારા આ આકાર પાસે લેવાનું કામ કરજે. આ આકાર નિરાકાર સુધી પહોંચવાની બારી તરીકેની ભૂમિકા ધરાવે છે. ધરાવે છે એટલું નહીં. ભૂમિકા સક્રિય પણે અદા પણ કરે છે, અદા કરે છે, એટલું જ નહીં સક્રિય પણ એ ભૂમિકા અદા કરીને અનેક યોગીપુરૂષો માટે આશીર્વાદનું કાર્ય પણ કર્યું છે. આવું આલંબન જ્યારે તને મળ્યું છે. ત્યારે તું પણ આ આકારનો ઉપયોગ નિરાકાર સુધી પહોંચવા માટે કરજે. એટલે કે આકારને જોવા માટે આકાર નથી. જોવાના પણ આકારના માધ્યમે નિરાકારના ઈશારા પકડાય એ માટે આકારને જોવાના છે. અને આ રીતે જ્યારે આકાર દેખાય છે ત્યારે આકૃતિના માધ્યમે પ્રભુ આપણને તારી જાય છે.

(૨) આજ્ઞાના માધ્યને પ્રભુ તારે છે. એક વાત યાદ રાખવી જે સમયે સદગુરૂ થકી, સહવર્તી થકી, આશ્રિતો થકી, કલ્યાણ મિત્ર થકી, કુદરત થકી, પરિસ્થિતિ થકી, તમને જે પ્રેરણા મળે છે એ ખરેખર પ્રભુએ આપેલી પ્રસાદી છે. જ્યારે એવા અહોભાવથી પ્રેરણા તમે લો છો, ત્યારે બે મોટા કામ થાય છે. (૧) પ્રભુની પ્રસાદીથી તમે ૨૪ કલાક ભીંજાતા હો એવો અહેસાસ થાય છે. (૨) ૨૪ એ કલાક તમારી આસપાસમાં જે છે, એ બધા જ પ્રભુ છે. એ પ્રતીતિમાં આપણે

પોરવાઈ જઈએ છીએ. જો પ્રભુને ઝીલવા તમે તૈયાર છો તો ૨૪ કલાક પ્રભુ તો તમારી વચ્ચે જ છે. અને અમુક સ્વરૂપે, અમુક જ માળખામાં જ વરસતા પ્રભુની અપેક્ષા રાખવી આ પણ એક પ્રકારનો અહંકાર છે. પ્રભુ તો કોઈ પણ સ્વરૂપે, પ્રભુ તો કોઈ પણ સંયોગે, પ્રભુ તો કોઈ પણ સમયે, વરસી જ રહ્યા છે. પણ ઝીલનારની પાત્રતા જેમ જેમ વધે છે, તેમ તેમ પ્રભુનું દરેક સ્વરૂપોનો સ્વીકાર થતો જાય છે. જેને પ્રભુના શબ્દો સાંભળવાની આંતરિક પાત્રતા ઉઘડી ગઈ છે, એ વ્યક્તિને તો વિનાશીની વિનાશિતાનો પરિચય પણ કણ કણમાં ઝરી રહ્યો છે. દા.ત.વિહાર માટેનું માટલું ફૂટી ગયું તો હવે ફૂટેલા ટુકડાઓમાંથી પણ પરમાત્માની દેશના ઝરે છે. પર્યાયના નાશવંત છે. આ પરુંપણા જડનાં કણ કણમાંથી નીકળી રહી છે. પરમાત્માને સાંભળવા માટે જ્યારે સજ્જ બનીએ છીએ ત્યારે તો આખી સૃષ્ટિ મને સંબોધવા માટેનું નિર્માણ છે. મને સુધારવા માટેનું આયોજન છે, મને ઉપર ઉઠાવવા માટેની સગવડ છે. મને પવિત્ર બનાવવા માટેની જ પ્રગતિનો આધાર છે. આવું એને સ્પર્શતા, અહંકાર તળિયે આવીને બેસે છે. અને આજ્ઞા ઝીલવામાટે અંદરથી વ્યક્તિ ચાતક બને અને પ્રકૃતિ પાસેથી પણ આજ્ઞા ઝીલવા થનગનાટ હોય છે. ત્યારે આજ્ઞાના માધ્યમ એ પણ પ્રભુ તારે છે.

(૩) આયોજન માધ્યમે પ્રભુ તારે છે. પ્રભુએ જીવવા જે ગોઠવી આપ્યું છે, તમે એનાથી હિલચાલ ન કરો તો થોડા સમયમાં તમે મોક્ષમાં હશો પ્રભુએ આપેલા માળખાનો બસ ફોલો કરો. પ્રભુએ કહ્યું વિચારવાનું આમ એ રીતે વિચારો, પ્રભુએ કહ્યું જોવાનું આમ એ રીતે જુઓ, પ્રભુએ કહ્યું ખાવાનું આમ એ રીતે ખાઓ, પ્રભુએ કહ્યું કરવાનું આમ એ રીતે કરવું. બસ પ્રભુએ ગોઠવેલા આયોજનમાં બીજું કંઈ ન કરો. બસ એમાં જ રહો થોડા સમયમાં આપણે મોક્ષમાં હોઈએ. આપણે સિદ્ધશિલામાં હોઈએ, આપણે અશરીરી હોઈએ. ખરેખર તો પ્રભુનું સમર્પણ એટલે સદગુરૂ અને પ્રભુ ઉપર બધુ છોડીને જીવે જાગૃત દશામાં સ્વીકારેલી નિદ્રા છે. જાગૃતિ દશા એટલે આમ તમે જાગતા છો પણ વિકલ્પની અપેક્ષાએ તમે સુતા છો. પરમાત્માના પુણ્યથી શાસનની સ્થાપના થઈ. પરમાત્માના પુણ્યથી દ્વાદશાંગી રચાય. પરમાત્માના પુણ્યથી ૨૧૦૦૦ વર્ષ સુધી આ બધું અખંડપણે ચાલે. ખાલી વારો ચાલે એમ નહીં, એ વાતો જીવંત સ્વરૂપે આપી શકીએ. એવું આલંબન તમને ૨૧૦૦૦ વર્ષ સુધી મળતું રહે.

દા.ત. (ઉપાશ્રય, દેરાસર, આયંબિલ ખાતું, લાઈબ્રેરી) કેટલું મોટું આલંબન છે. ચિંતા વગર મળે. પ્રભુએ આપેલું આયોજન આ પણ તમને ઉપાડી લે છે. ભક્તિ યોગાચાર્યશ્રી એ સાધના માટે સરસ શબ્દ મૂક્યો છે. *"Very easiest"* સાધના તો કઠિન છે જ નહીં. પ્રભુ આપણને ત્રણ માધ્યમે તારે છે. (૧) આકૃતિના માધ્યમે પ્રભુ તારે છે. (૨) આજ્ઞાના માધ્યમે પ્રભુ તારે છે. (૩) આયોજનના માધ્યમે પ્રભુ તારે છે. પ્રશ્ન એક જ છે. તમારે તરવું છે ખરી ? જો પ્રભુ તારવા નિરંતર સક્રિય હોય તો આપણે કેમ અન્યાઅન્ય પ્રમાદોમાં પોતાનો સમય વેડફીએ છીએ. બસ આ ત્રણ માધ્યમને પકડીને આપણે મંઝિલ સુધી પહોંચિયે અને પ્રભુના ચરણોના દાસ બનીએ એ માટે ખાસ પ્રયત્ન કરજો.

ભવ્ય જીનશાસન ! ધન્ય વાણી ! ધન્ય ગુરૂદેવ ! જીન આજ્ઞા વિરૂદ્ધ કંઈપણ બોલાઈ ગયું હોય તો મિચ્છામી દુક્કડમ્

## મગની દાળની ફીંગર્સ ચીપ્સ

**સામગ્રી :** ૧ ૧/૨ કપ મગ દાળ, ૧/૨ કપ બારીક સુધારેલ ફણસી, ૧/૨ કપ ચણા લોટ, ૧/૨ કપ અધકચરા કરેલા વટાણા, ૧/૪ ચમચી સોડા, ૧ કપ કોથમરી બારીક સુધારેલી, તળવા માટે તેલ, આદુ-મરચાની પેસ્ટ અને મીઠું, ૧ નંગ કાંચુ કેળુ, ચપટી હિંગ.

**રીત :** મગની દાળને ચાર ક્લાક પલાળી પછી ધોઈને બારીક વાટવું ઢોકળાના ખીરા જેવું કરવું. ખીરામાં બાફેલ કાચું કેળુ પણ વાટી લેવું. સ્વાદ પ્રમાણે મીઠું-આદુ-મરચાની પેસ્ટ, હીંગ અને સોડા નાંખી હલાવવું. ત્યારબાદ વટાણા - ફણસી - કોથમરી ઉમેરી દેવા અને તેલ લગાવેલી થાળીમાં આ ખીરૂ પાથરી લેવું. તેમજ થાળીને ૧૨ થી ૧૫ મિનિટ ચડાવી લેવી. ઢોકળું ચડી ગયા બાદ થાળીને સાવ ઠંડી કરી લેવી. ત્યારબાદ ચીપ્સની જેમ લાંબી સુધારી લેવી. લોયામાં તેલ લઈ ગરમ કરવું અને આ ચીપ્સને કડક થાય તેવી તળી લેવી. ચટણી કે સોસ સાથે સર્વ કરવી.

**નોંધ :** કીટી પાર્ટીમાં કે મહેમાનોને સર્વ કરી શકાય છે.

**-દર્શનાબેન પરિમલભાઈ ભીમાણી**

# શ્રી સોરઠ વિસાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

## આયોજિત

## શ્રી તારાચંદ ધનજી મહેતા પરિવાર પ્રેરિત

## સમૂહ લગ્નોત્સવમાં જોડાવા

## ભાવભર્યુ નિમંત્રણ

**તા.૧૮-૦૨-૨૦૨૪**

સમૂહ લગ્નોત્સવ એટલે સ્વજનો સાથે સમસ્ત સમાજનાં મંગલમય આશીર્વાદથી થતું દામ્પત્ય જીવન. સમૂહલગ્ન એ સમાજની એકતા અને બંધુતાનું મહત્ત્વનું પરિબળ છે. સમાજની એકતા સામૂહિક પ્રસંગોમાં રચાયેલી છે. સમૂહ લગ્નોત્સવમાં ભાવાત્મેકતા સાથે પારંપારિક મૂલ્યોનું જતન થાય છે. સમય અને સંપત્તિના બચાવ સાથે વિકાસનું કદમ છે. ક્રાંતિકારી માર્ગ છે. સમાજ સમયની સાથે તાલ મિલાવવા સમૂહલગ્નો યોજે છે. તો એ તાલમાં આપણે તાલ મિલાવીએ.

આ વર્ષે વિ.સંવત ૨૦૮૦ મહા સુદ નોમ તા.૧૮-૦૨-૨૦૨૪ રવિવારના રોજ શુભદિવસે યોજવાનું નક્કી કરેલ છે.. સમાજના લગ્નોત્સુક યુગલોને જોડાવવા ભાવભર્યું નિમંત્રણ છે. તા.૧૫-૦૧-૨૦૨૪ સુધીમાં ફોર્મ ભરીને સમાજની ઓફિસમાં નામ નોંધાવી જવા.

જે પરિવારોમાં લગ્નોનો શુભ પ્રસંગ છે તે સર્વે પરિવારોને સમૂહ લગ્નોત્સવમાં જરૂર જોડાવવા ભાવભર્યું નિમંત્રણ...

**કિરીટકુમાર પી. મહેતા - ૯૮૨૦૨ ૨૯૦૩૬**
**સમૂહ લગ્ન અને પરિચય મિલન સબ - કમિટી**
**કિશોર એલ. રામાણી - ૯૩૨૧૯ ૮૮૩૭૩**
**શૈલેષ વી. વોરા - ૯૮૨૧૦ ૪૫૪૨૨**
**જયેશ સી. વસા - ૯૮૩૩૪ ૫૨૧૧૦**
**યોગેશ વી. વોરા - ૭૯૭૭૭ ૭૯૭૧૩**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપર ૪૨માં વાર્ષિક ક્ષમાપના સંમેલનનો અહેવાલ

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડળ ઘાટકોપરનું વાર્ષિક ક્ષમાપના સંમેલન તા.૮-૧૦-૨૩ રવિવારના ગ્રેટ એસ્કેપ રિસોર્ટ, વિરાર ખાતે રાખવામાં આવેલ હતું. ટોટલ ૨૫૦ સભ્યોએ ભાગ લીધો હતો. શ્રી દિગંબર જૈન મંદિર ઘાટકોપરથી સવારે ૬.૩૦ કલાકે પાંચ બસ દ્વારા ગ્રેટ એસ્કેપ રિસોર્ટ તરફ પ્રયાણ કર્યુ હતું. અમુક સભ્યો પોતાની ગાડીમાં આવ્યા હતા.

સવારે ૮.૩૦ કલાકે રિસોર્ટ પહોંચી ગયા હતા. ત્યારબાદ સર્વે સભ્યોએ બ્રેક ફાસ્ટ કર્યો હતો. અમુક સભ્યો વોટર પાર્કમાં આનંદ માણવા ગયા હતા. બાકીના સભ્યોને શ્રીમતી દર્શનાબેન પરિમલભાઈ ભીમાણી, શ્રીમતી લતાબેન જવાહરભાઈ શેઠ, શ્રીમતી હેતલબેન પીયુષભાઈ મહેતા વગેરેએ ખૂબ જ સરસ રમતો રમાડી આનંદ કરાવ્યો હતો. બપોરે ૧૨ કલાકથી ૫ સુધી ગોલા અને ફાસ્ટ ફૂડની લજ્જત માણી હતી. બપોરે ૧.૩૦ કલાકે સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી ૩ કલાકે સર્વે સભ્યો એક મંચ પર એકઠા થયા હતા.


સૌપ્રથમ મંડળના મંત્રી શ્રી કિર્તીભાઈ વસાએ સર્વે સભ્યો તથા આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા અને ગત વર્ષ દરમ્યાન કોઈ ભૂલ થઈ હોય તો ઘાટકોપર મંડળના સમિતિ સભ્યો વતી ક્ષમાપના માંગી હતી તથા મંડળની વર્ષ દરમ્યાન પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતા, કાંદિવલી, બોરીવલી, ભાયંદર, નાલાસોપારા વગેરે મંડળના પ્રતિનિધિઓએ પધારીને મંડળના કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી અને તે સર્વેનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જોગાનુજોગ તે દિવસે મુંબઈ સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતાનો જન્મ દિવસ હતો અને ઉપસ્થિત સભ્યોની હાજરીમાં કેક કાપીને ઉજવવામાં આવ્યો હતો. શૈક્ષણિક, ધાર્મિક અભ્યાસ, તપસ્વીઓની નામોની જાહેરાત શ્રી શૈલેષભાઈ અનિલભાઈ મહેતા તથા શ્રી ભૌતિક કિર્તીભાઈ ભણશાલીએ કરી હતી.

ઘાટકોપર મંડળના પ્રમુખ શ્રી ધિરેનભાઈ દેવચંદ વસાએ મેડીક્લેમ યોજનાનો અહેવાલ આપ્યો હતો. તેમના વકતવ્યમાં યુવાવર્ગને મંડળની પ્રવૃતિઓમાં ભાગ લેવા તથા મંડળને ઉન્નતિના શિખરો પર લઈ જવા નવા વિચારો રજૂ કરવા પર ભાર મૂક્યો હતો. સાથે સાથે તા.૧૯-૧૧-૨૩ રવિવારના રાખવામાં આવેલ મંડળની સામાન્ય સભામાં પણ અચૂક હાજરી આપવા વિનંતી કરી હતી.

સહમંત્રી શ્રી મુકેશભાઈ ચીમનલાલ ઠક્કરે આભાર વિધિ કરી સભાનું ક્ષમાપન કર્યુ હતુ. શ્રી ધિરેનભાઈ વસાએ નવીન પ્રકારની હાઉઝી રમાડી હતી. ત્યારબાદ બધા સંગીતના તાલે જોશભેર ગરબા રમ્યા હતા. સાંજે ૬ વાગે ચૌવિહાર કરી સર્વે સભ્યોએ પોતપોતાની બસમાં બેઠક મેળવી ઘાટકોપર તરફ પ્રયાણ કર્યુ હતું.

મંત્રી : કીર્તિ વસા - મુકેશ ઠક્કર











# ભાવભીની શ્રદ્ધાંજલી



## સ્વ. શ્રી રમણીકલાલ ગોકળદાસ સંઘવી (જુનાગઢ)

**જન્મ તા.: ૧૧-૩-૧૯૩૬ / સ્વર્ગવાસ : તા.૧૨-૧૨-૨૦૧૮**

સળગે છે ગુણોની ધુપસળી, સુવાસ ચોમેર ફેલાય છે,
સરીતા સાગર ને મળવા જાય છે, સ્વજનોની આંખો છલકાય છે,
ન ઓળખી શક્યા અમે આપને આજ તમારા ગુણો અણમોલ થાય છે,

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા દીવ્ય આત્માને**
**શાંતી પ્રદાન કરે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના**

**શ્રદ્ધાંજલી સહ**

**ધર્મપત્ની** : લીલાવંતીબેન

**પુત્ર-પુત્રવધુ** : અશોક - સંગીતા / મુકેશ - દીપ્તી

**દીકરી-જમાઈ** : હીના - કીરીટ / ઈલા - કમલેશ

**પૌત્ર-પૌત્રવધુ** : નીરવ - નીધી / નૈમીષ - પાર્થ - રાજ નૈમીષી - માધુરી

**પ્રપૌત્રી** : ધાર્મી

**સમસ્ત સંઘવી પરિવારનાં જય જીનેન્દ્ર**

Kayami - December

# જીવનની ડિક્શનરીમાં 'ના' શબ્દ ઉમેરીએ

**વિનેશ અંતાણી**

બે પ્રકારના લોકો જોવા મળશે - એક, જેઓ દરેક બાબતની 'હા' પાડશે. તેઓ બધાં કામ માટે, બધા જ પ્રકારના સંબંધો જાળવવા માટે, કોઈ પણ જવાબદારી ઉપાડવા તૈયાર હશે. એમની ડિક્શનરીમાં 'ના' જેવો કોઈ શબ્દ હોતો નથી. એમને આપણે સકારાત્મક અભિગમ ધરાવતી વ્યક્તિ માનીએ છીએ. બીજા પ્રકારના લોકો બધી બાબત માટે 'ના' જ પાડે છે. તેઓ એમને સોંપાયેલું કોઈ પણ કામ કરવા રાજી હોતા નથી. એમને કોઈ જવાબદારી ઉપાડવી નથી. તેઓ નકારાત્મક અભિગમ ધરાવતા લોકો તરીકે ઓળખાય છે.

**''કોઈ પણ કામ કરવા માટે સદા તૈયાર હોવાનો ગુણ સારો છે, પરંતુ એનાં ભયસ્થાનો પારિવારિક સંબંધોથી માંડીને વ્યાવસાયિક ક્ષેત્ર સુધી અસર કરે છે''**

કોઈ પણ કામ કરવા માટે સદા તૈયાર હોવાનો ગુણ સારો છે, પરંતુ એનાં ભયસ્થાનો પણ છે. એ ભયસ્થાનો પારિવારિક અંત સંબંધોથી માંડીને વ્યાવસાયિક અને જાહેરજીવનના ક્ષેત્ર સુધી અસર કરે છે. કોઈ પણ સંજોગોમાં સંબંધ સાચવી લેવા માગતા લોકો ના પાડવા તૈયાર હોતા નથી. પતિ-પત્નીએ પરિણામની ચિંતા કરીને એકબીજાની બધી જ વાત-માગણી-વિચારો સ્વીકારી લેવાની જરૂર હોતી નથી. તે માટે યોગ્ય ચર્ચાવિચારણા કરીને મુદ્દા સ્પષ્ટ કરી શકાય. સામેની વ્યક્તિના વૈચારિક સ્વાતંત્ર્યનું સન્માન જાળવીને અસંમતિ પ્રગટ કરી શકવાની મોકળાશ વિકસાવવાથી દાંપત્યજીવન તંદુરસ્ત બને છે. ઘણા વડીલોના પ્રસ્તાવ, વિચારસરણી કે આજ્ઞા અવ્યવહારુ હોઈ શકે. માત્ર તેઓ વડીલ છે તેથી એમની વાત ઉથાપી શકાય જ નહીં. એવી માન્યતા પણ ક્યારેક અવ્યવહારુ અને લાંબા ગાળે નુકસાનકારક બની શકે. વડીલોની હઠને લીધે કજોડું બનેલાં દંપતીનાં દૃષ્ટાંત જોવા મળે છે.

ઘણાં બાળકો વધારે પડતાં ડિમાન્ડિંગ હોય છે. સંતાનોની અયોગ્ય માગણીઓ સામે ઝૂકી જવાથી છેવટે તો સંતાનોને નુકસાન થાય છે. સ્માર્ટફોન પાછળ વધારે પડતો સમય ગાળતાં સંતાનોને અટકાવી ન શકતાં માતા-પિતાને આખરે સમજાય છે કે એમને એ વ્યસનમાંથી વારવા મુશ્કેલ બન્યું છે.

મિત્રતા પણ એવો જ નાજુક સંબંધ છે. ઘણી વાર આપણે મિત્રોને મદદ કરવા જતાં આપણી જાતનો વિચાર કરતા નથી. વ્યવસાયના ક્ષેત્રમાં આજના સમયની ગળાકાપ હરીફાઈમાં ટકી રહેવા માટે ના પાડવી લગભગ અશક્ય બની ગયું છે. લોકો એમના સિનિયર્સ કે સહકાર્યકર્તાને કોઈ કામ માટે ના પાડી શકતા નથી. આપણે ધારી લીધું છે કે એવું કરવાથી આપણી છાપ સારી પડશે નહીં. એ લોકો નારાજ થશે અને આગળ વધવાની તક બંધ થઈ જશે. ગજા ઉપરાંતની જવાબદારી માથે લીધા પછી તેને સંતોષજનક રીતે પાર પાડી શકીએ નહીં તો અપરાધભાવ જન્મે છે. એક સાયકોલોજિસ્ટે કહ્યું છે કે એમના મોટા ભાગના ક્લાયન્ટ્સને 'ના' જેવા નાનકડા શબ્દનો ઉપયોગ કરતાં આવડતું નથી તેઓ જવાબદારીના ઢગ નીચે દબાઈને સ્ટ્રેસના શિકાર બને છે.

ક્યારેક આપણે કરવા માગતા ન હોઈએ એવાં કામ પણ કરવા પડે છે. એવી મજબૂરી જિંદગીનો હિસ્સો છે. પરંતુ જે કામ કરવાની જરૂર જ ન હોય તેના માટે તો ના પાડી શકાય. આપણી જીંદગી બીજા લોકો માટે જ નથી. પોતાના માટે પણ જીવવાનું હોય છે. સહેલાઈથી હા પાડીને આપણે આપણી સીમાઓનો, શક્તિનો, સમયનો ખ્યાલ રાખતા નથી. આપણા અંગત અગ્રતાક્રમથી વધારે મહત્ત્વ બીજાનાં કામ, ઈચ્છા, માગણીને આપીએ છીએ. જરૂરી નથી કે દરેક બાબત માટે તાત્કાલિક હા જ પાડી દેવી જોઈએ.

હું આકાશવાણીમાં જોડાયો પછી પહેલી વહીવટીય ટ્રેનિંગમાં એક વક્તાએ કહ્યું હતું કે ના પાડવાની એક પદ્ધતિ 'હા' પાડવાની છે. સામેની વ્યક્તિને કહો : તમે સોંપેલું કામ કરવા હું તૈયાર જ છું. પરંતુ તે પહેલાં મારે મારાં પોતાના ઘણાં અગત્યનાં કામ પૂરા કરવાનાં છે. તમારો જવાબ હા માં હશે, છતાં તેમાં ના નો સૂર સામેની વ્યક્તિ સુધી પહોંચી જશે. સુવિચાર જેવું એક વાક્ય છે. અયોગ્ય વ્યક્તિને ના પાડવાથી તમે યોગ્ય વ્યક્તિઓને હા પાડવાની જગ્યા ઊભી કરી શકો છો. પોતાનાં સમય અને શક્તિને અગ્રતા આપવી જ પડે. ક્યારેક ના શબ્દ સૌથી ગુણકારી શબ્દ બને છે.

## યોગ્ય સમયે !!

હીરાનો વેપાર કરનારા એક ભાઈનું અકસ્માતમાં મૃત્યુ થયું. ધંધામાં ખોટ જવાના કારણે કુટુંબની સ્થિતી બહુ સારી નહોતી અને પરિવારમાં બીજુ કોઈ નહીં. આ મૃત્યુ પામનાર ભાઈની પત્ની અને એક ૭-૮ વર્ષની ઉંમરનો દિકરો. કુટુંબના નિભાવની તમામ જવાબદારી આ વિધવા પર આવી પડી.

એણે પોતાના પતિનો અંગત કબાટ તપાસવાનું શરૂ કર્યું એ આશાએ કે કદાચ કંઈક એવું છુપાવીને રાખ્યું હોય જેનાથી પરિવાર સરળતાથી ચલાવી શકાય. કબાટ ફંફોસતા એક બહુ મોટું પેકેટ મળ્યું. ખોલ્યુ તો આનંદનો પાર નહી. એકદમ ચળકતા ખુબ હીરા હતા. એ પેકેટમાં પેલા બેન પતિની વિદાયનો વિયોગ પણ ભુલી ગયા. એમણે વિચાર્યું કે આ કિંમતી હીરા જો બીજાને આપીશ તો કદાચ મને છેતરીને પુરતા નાણા નહીં આપે મારો સગો ભાઈ પણ હીરાનો વેપાર કરે છે તો આ હીરા એને જઈને જ વેંચું.

બાળકને સાથે લઈને એ વિધવા બાઈ પોતાના ભાઈના ઘેર ગઈ અને ભાઈને બધી જ વાત કરીને કહ્યું જો ભાઈ આ કિંમતી હીરાનું કેવડું મોટું પેકેટ છે હવે આખી જીંદગી મારે શાંતિ. ભાઈ આ પેકેટ વેંચીને તું મને રકમ લાવી આપ. ભાઈએ કહ્યું બહેન આ હીરા ખુબ કિંમતી છે અત્યારે નથી વેચવા ભાણાને મોટો થવા દે અત્યારે તું ઘર ચલાવવાની ચિંતા ના કર હું મદદ કરીશ અને ભાણાને પણ મારી સાથે રાખીને હીરાના વેપારમાં નિષ્ણાંત બનાવીશ. ભાણો પુરેપુરો તૈયાર થઈ જાય પછી આપણે આ હીરા વેંચશુ ત્યાં સુધી તું એને સાચવીને તારી પાસે જ રાખ અને આ બાબતની ભાણાભાઈને ક્યારેય વાત ના કરતી. પેલી બેન હીરા પાછા લઈને રાજી થતી જતી રહી.

ઘણા વર્ષો પસાર થયા હવે પેલો ૭-૮ વર્ષનો નાનો બાળક ૨૧ વર્ષનો ફૂટડો યુવાન બની ગયો હતો. એના મામાએ હીરાની પરખ કરવામાં ભાણાને ખુબ મોટો નિષ્ણાંત બનાવ્યો હતો. એક દિવસ મામા ભાણાભાઈના ઘેર ગયા. ભાણાભાઈને કહ્યું બેટા તારી માં એ તારા પિતાની અમૂલ્ય મૂડી સાચવીને રાખી છે. આજે એ મૂડી તને આપવી છે. પછી પોતાની બહેનને કહ્યું કે બહેન પેલા હીરા લઈ આવ અને ભાણાને આપ. વિધવા બહેન ઘરમાં જઈને વર્ષોથી સાચવી રાખેલ હીરાનું પેકેટ લાવી અને આનંદ સાથે પોતાના યુવાન દિકરાના હાથમાં મુક્યું. છોકરાએ પેકેટ ખોલ્યુ. હીરા હાથમાં લઈને જોયા અને પછી ફળીયામાં ફેંકી દીધા. એની માં તો જોતી જ રહી. માંડ એટલુ બોલી શકી કે બેટા આ શું કર્યું ?

છોકરાએ કહ્યું અરે માં આ હીરા નહી માત્ર કાચના ટુકડા છે જેની કીંમત કોડીની પણ નથી. બહેને પોતાના ભાઈની સામે જોઈને કહ્યું કે આ શું બકવાસ કરે છે ? ત્યારે ભાઈએ કહ્યું બહેન એ બીલકુલ સાચુ કહે છે. તે મને પેકેટ બતાવ્યું તયારે જ મને ખબર પડી ગઈ હતી કે આ કાચના ટુકડા છે પણ મેં ત્યારે તને એમ કહ્યું હોત તો તને એમ થાત કે મારા ભાઈને મારા હીરા પાણીના ભાવે પડાવી લેવા છે માટે આમ કહે છે એટલે મે યોગ્ય સમયની રાહ જોઈ.

દરેક વાત કહેવાનો એક યોગ્ય સમય હોય છે. સત્ય વાત પણ જો અયોગ્ય સમયે કહેવામાં આવે તો સંબંધો તુટવાની શક્યતાઓ પુરે પુરી છે.

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**

**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 9624640055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.

**Email :** info@oracleint.com / sales@oracleint.com

**Website :** www.oracleint.com

**Sister Concern :**

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005,
Gujarat India
M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

# સાધર્મિક શબ્દ તેનો અર્થમહિમા જાણે ગુમાવી બેઠો છે

- દરેક શબ્દની પોતાની એક અર્થછાયા હોય છે. તેની છબી આપણા મગજમાં ગોઠવાયેલી હોય છે, તેના આધારે આપણે અમુક ચોક્કસ પ્રકારની સંવેદનાને તે શબ્દોચ્ચાર સાથે જ અનુભવીએ છીએ.
- 'ભૂત', 'વાંદો', 'સાંપ' બોલતા જ, અનુભવાતી ભયની કંપારીમાં આ પ્રતીતિ દેખાય છે. બાળકને મમ્મી શબ્દ અર્થની સાથે ઘણું વિશેષ કહી જાય છે. નાના બાળક માટે 'ચોકલેટ', નોકરિયાત માટે 'બોનસ', રોગી માટે 'નોર્મલ' આ બધા માત્ર શબ્દો નથી. લાગણી પ્રગટાવતા જાણે મંત્રાક્ષરો છે.
- ધાર્મિક અને ભક્તજનો માંટે 'ભગવાન', 'ગુરૂદેવ', 'દીક્ષાર્થી' જેવા શબ્દો સહજ બહુમાન પ્રગટાવતા શબ્દો છે. અમુક શબ્દોના ઈમોશનલ રેટિંગમાં વધ-ઘટ પણ થતી હોય છે.
- 'સાધર્મિક' એક એવો જીવંત શબ્દ છે જે સાંભળતા જ પ્રભુના શાસનને પામેલા, શ્રધ્ધાવૈભવી કોઈ ગુણીયલ વ્યક્તિની છબી મનમાં ઉપસી આવે. પરંતુ આજે સાધર્મિક શબ્દ તેનો અર્થમહિમા જાણે ગુમાવી બેઠો છે.
- 'સાધર્મિક' એટલે સીદાતો, રીબાતો, પીસાતો, વ્યાજ ભરતો, મદદની જરૂરિયાતવાળો એક દીન વ્યક્તિનો નંખાયેલો ચહેરો શાસ્ત્રો જેને સુપાત્ર તરીકે સ્થાન આપે છે. ભક્તિનું જે ભગવાન અને ગુરૂની માફકનું પાત્ર છે તેના બદલે આજે એક અત્યંત દયાપાત્ર વ્યક્તિ તરીકેની છબી મનમાં ઊભરે છે. શબ્દબોધના ક્ષેત્રની આ એક દુર્ઘટના ગણાય.
- સાધર્મિક ભક્તિ કરતા પહેલા સૌપ્રથમ તો તેના સ્ટેટસને બરાબર સમજી લેવું જોઈએ. સારા ભાનથી અને સમજણ વગર થતી પ્રવૃત્તિમાં ક્યારેક આવા મથાળાં જોયા છે.
- 'સાધર્મિક સહાય યોજના' , 'સાધર્મિક મદદ કેન્દ્ર' વગેરે પહેલા તો શબ્દો બદલીને 'સાધર્મિક ભક્તિ કેન્દ્ર' 'સાધર્મિક વાત્સલ્ય યોજના' વગેરે ઉચિત નામ આપવું જોઈએ.
- સાધર્મિક 'ગરીબ' હોય તો પણ તેની ઓળખમાં પુણ્યથી થોડા નબળા કે એવા કોઈ શબ્દો ન વાપરવા જોઈએ. તેના વર્ણનમાં કદાચ તેની દારૂણ ગરીબીનું દર્દનાક ચિત્ર બતાવવું પડે તો પણ તે ભક્તિનું પાત્ર છે, અનુકંપા-દયાનો વિષય નથી. આ ખ્યાલ મનમાં સ્થિર રાખવો.
- આજની એક વાસ્તવિકતા એ છે કે વિષમ સંયોગોમાં ઘણા બધાને ઘણાનું કરવાનું મન થાય છે. અને જેમને જરૂર હોય તે અમારા સંપર્ક કરે. આ ભાવના મેસેજ સોશ્યલ મીડિયામાં ફર્યા કરે. કબૂલ કે અમે ક્યાં શોધવા જઈએ આ પ્રશ્ન નડે છે. પરંતુ બહુ સામાન્ય પ્રયાસથી તમે ઘણા લોકો સુધી પહોંચી શકો છો તે પણ હકીકત છે.
- સાધર્મિક તમને શોધતો આવે એટલે એક પલે ખ્યાતિ, બીજા પક્ષે લાચારી છે. તમે સાધર્મિકને શોધવા નીકળો એટલે એક પક્ષે ઔચિત્ય, બીજા પક્ષે ખુમારી અને આબરૂ છે. શું એવી જાહેરાત ક્યારેય થઈ શકે ખરી કે જે પણ પૂજ્યોને ગોચરી વગેરેની તકલીફ પડતી હોય તેમણે અમારો સંપર્ક કરવો. કેવી ચોટ લાગે સુપાત્ર સાથેનો વ્યવહાર ખૂબ ગૌરવપૂર્વક થવો જોઈએ. તેમની વિગતો નામો વગેરે ગુપ્ત રાખવો જોઈએ.
- એક સાથે બોલાવીને લાઈનસર દરેકને કિટ / કવર વગેરે આપવું પણ વિચારણીય છે. આ તો સમાજની સહાય પર નભે છે. આવી તેની ઓળખ ઊભી થઈ જાય તો તેને બીજી ઘણા પ્રશ્નો પજવશે. આ ખ્યાલ દાતાએ રાખવો જોઈએ. સાધર્મિક સાથે પૂછપરછ વગેરેમાં પણ વિવેક જરૂરી છે. ક્યાંય બોલાચાલી કે કલહ થઈ ન જાય તેની તકેદારી રાખવી.
- ગ્રાહદિનકૃત્ય ગ્રન્થમાં સાધર્મિક સાથે તીવ્ર કૌધાદિ કરનારો શ્રીતીર્થંકરદેવની આશાતના કરે છે. તેવું જણાવ્યું છે. હાલના સંયોગોમાં વિશેષરૂપે, અગ્રતા આપીને ઔચિત્યપૂર્વક સાધર્મિકોની ભક્તિ કરી તેમને ચિત્તસમાધિ આપવાનો અવસર છે. એ જ રીતે તેમને ધર્મકૃત્યોમાં જોડવા, સ્થિર કરવા એ શ્રાવક જીવનનું અને પર્યુષણ મહાપર્વનું કર્તવ્ય છે. એક ભગવાન ભરાવવા છે. આ સદવિચારની જેમ એક સાધર્મિક ભરાવવાનો વિચાર પણ દરેક શક્તિ સંપન્ન પુણ્યવંતને આવે તો બસ...

**- આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિજી મ.સા.**



# આંગળી ચીંધ્યાનું પુણ્ય અને મોઢું ફેરવ્યાનું પાપ



**ચિંતનની પળે : લેખક શ્રી કૃષ્ણકાંત ઉનડકટ**

**"એમ ચોંટી છે નજર એ બારણાં પર,**
**ડૂબનારો જેમ વળગે લાકડા પર,**
**જલ્દીથી બહેરાશનો ઈલાજ કર તું,**
**કૈંકનાં જીવન નભે છે પ્રાર્થના પર" - ભાવેશ ભટ્ટ**

જિંદગી સારો અને નરસો સમય બતાવતી રહે છે. ગમે એવા શક્તિશાળી માણસને પણ ક્યારેક તો કોઈની જરૂર પડેજ છે.. સંજોગ કે પરિસ્થિતિ ક્યારેક પડકાર બનીને આપણી સામે ઊભાં રહે છે. બધું હોવા છતાં આપણે ઘણી વખત લાચારી ફીલ કરતા હોઈએ છીએ. એક માણસની આ વાત છે. ખૂબ જ ધનવાન સંપત્તિની સાથે તેની પાસે માનવતા પણ હતી. એ પોતાનાથી થાય એટલી બધાને મદદ કરતો. એક વખત ગામમાં ભયંકર પૂર આવ્યું. એ માણસના બંગલામાં પાણી ભરાઈ ગયું. આખા વિસ્તારમાં માણસ ડૂબી જાય એટલું  પાણી હતું ઘરમાં ખાવાનું પણ ખૂટી ગયું હતું. શું કરવું એ કંઈ સમજાતું નહોતું. પાણીથી બચવા એ ધવનાન અગાસી પર બેઠો હતો. તેણે જોયું કે દૂરથી કોઈ માણસ તરાપા પર આવી રહ્યો છે. એ માણસ નજીક આવ્યો. ધનવાનને કહ્યું તમારા માટે ખાવાનું લાવ્યો છું ધનવાને તો આશ્ચર્યનો પાર ન રહેયો. આ અજાણ્યો માણસ મારા માટે જીવના જોખમે ખાવાનું લાવ્યો ? જમવાનું લાવનાર વ્યક્તિએ કહ્યું કે, તમને હું કદાચ યાદ નહીં હોઉં પણ હું તમને ક્યારેય નહીં ભૂલું મારો અત્યંત ખરાબ સમય ચાલતો હતો ત્યારે હું તમારી પાસે મદદ માંગવા આવ્યો હતો. મારે બીજું કંઈ નહોતું જોઈતું પણ થોડુંક રાશન જોઈતું હતું મારાં છોકરાંવ ભૂખ્યા હતા. તમે એક મહિનાનું રાશન ભરાવી આપ્યું હતું એ એક મહિનો મારી જિંદગીનો સૌથી કપરો કાળ હતો. ધીમે ધીમે બધું સરખું થઈ ગયું. મને ખબર પડી કે તમારો વિસ્તાર પાણીથી ભરાઈ ગયો છે એટલે થયું કે તમારા માટે જમવાનું લઈ આવું આ તરાપો મેં જ બનાવ્યો છે. જમવાનું મારી પત્નીએ બનાવ્યું છે અને દીકરીએ પેક કર્યું છે. એ બંનેએ તમને વંદન કહ્યાં છે. આ વાત સાંભળીને ધનવાન માણસની આંખો ભીની થઈ. તેણે આભાર માન્યો ત્યારે પેલા માણસે કહ્યું કે ઘણા ધનવાનો એવું સમજતા હોય છે કે અમારે કોઈની જરૂર જ નથી પડવાની પણ બીજી બાજુ તમારા જેવા લોકો પણ છે જેનામાં બધાને સ્પર્શે એવું જીવતું રહે છે. લોકોના મોઢે દુનિયાનું ખરાબ વધુ સાંભળવા મળે છે. હવે તો સમય જ બદલાઈ ગયો છે. કોઈનો ભરોસો કરવા જેવું નથી. બધા સ્વાર્થનાં સગાં છે. કામ હોય ત્યારે મોઢું ફેરવી લે છે. જરૂર હોય ત્યારે કાલાવાલા કરતા હોય છે, અને પોતે જરાકેય સમર્થ થઈ જાય એટલે યોગની જાતને કોઈક સમજવા લાગે છે. એને કોઈનાંથી કાંઈ ફેર પડતો નથી એ જ માણસ પાછો ફરીથી ફસાય તો કોઈ પણ જાતની શરમ વગર મદદ માંગવા આવી જતો હોય છે. એક માણસને લોકોના આવા ઘણા અનુભવો થયા હતા. એક વખત એ એક સાધુ પાસે ગયો. તેણે સાધુને પૂછ્યું, લોકો આવા કેમ હોતા હશે ? શું દુનિયા આવી જ છે ? સાધુ હસીને સામો સવાલ કરયો. તુ કેવો છે ? તેની આશરે દુખી કેવી રીતે ખરાબ કોઈ શકે આપણા માટે જરૂરી એ છે કે આપણે સારા રહીએ. દુનિયા આજકાલની આવી નથી, પહેલેથી આવી જ છે. દરેક પ્રકારના લોકો હોવાના જ છે. તમે ભલું કરો તો ભલું થાય છે. ગણા લોકો એવું કહે છે કે, આંગળી ચીંધ્યાનું પુણ્ય મળે છે એને મોઢુ ફેરવ્યાનું પાપ લાગે છે. પાપ કે પુણ્યની તો ખબર નથી પણ એટલી ખબર છે કે, સારો માણસ હોય એને બીજાનું સારું કરવાથી સારું લાગે છે. શાંતિ મળે છે. જિંદગીનો અહેસાસ એને જ થાય છે જે જિંદગીની નજીક છે. જિંદગીમાં ક્યારેક એવા અનુભવો

પણ થાય છે કે આપણે જેને મદદ કરી હોય એ જ આપણું અહિત થાય એવું કરે. આપણને ખબર પડે ત્યારે આંચકો લાગે. આવું થતું હોય છે. બધા આપણી મદદ કે આપણું સારું વર્તન યાદ રાખે એવું જરૂરી નથી. આપણે સારું કરીને ભૂલી જવાનું . એક યુવાને કહેલી આ સાવ સાચી વાત છે. એ પોતાનાથી બની શકે એટલી બધાને મદદ કરતો હતો. એને જ્યારે જરૂર હતી ત્યારે એણે જે લોકોને મદદ કરી હતી તેમાંથી કોઈ આગળ ન આવ્યું. જેની પાસેથી ક્યારેય કોઈ મદદની અપેક્ષા રાખી નહોતી એ માણસેતમામ મદદ કરી. આપણે જેને મદદ કરી હોય એ જ આપણને મદદ કરે એવું જરાયે જરૂરી નથી કુદરત ક્યારેક બીજા રસ્તે વળતર વાળી દેતો હોય છે. પોએટિક જસ્ટિસ જેવું કંઈક હોય છે. આપણે પહેલેથી એવું સાંભળતા આવીએ છીએ કે, સારા લોકો સાથે સારું જ થાય છે. ક્યારેક કોઈ કિસ્સામાં કોઈ દગો ફટકો કરે ત્યારે ભલે એવું લાગે કે સારું કરનાર સાથે જ બૂરું થાય છે પણ સાવ એવું નથી હોતું માણસ છેલ્લે તો પોતાની જાતને વફાદાર રહેવો જોઈએ. કોઈ સાથે બદમાશી, છેતરપિંડી કરતી વખતે આપણે કદાચ ન પકડાઈએ, ભલે કોઈને ખબર ન પડે પણ આપણો માંહ્યલો તો જાણતો જ હોય છે કે આપણે બદમાશી કરી છે. કોઈનું ભલું થાય તો કરો અને ભલું ન થાય એમ હોય તો કોઈનું બુરું તો ન જ કરો. આપણે પણ ક્યારેક આપણી જેણે મદદ કરી હોય એનાથી મોઢું ફેરવી લઈએ છીએ. બહાનાં કાઢીએ છીએ. આવા સમયે માત્ર એટલું જ વિચારવાનું હોય છે કે, મારી જિંદગીમાં આ વ્યક્તિનું મહત્વ શું છે? આગળ નીકળી ગયા પછી જે પાછળ વળીને જોતા નથી એ ઘણી વખત બહુ આગળ નીકળી ગયા પછી એકલા પડી જતા હોય છે. સંબંધ હશે તો જ જિંદગી જીવવાની મજા આવશે. સોલો ટ્રિપ ક્યારેક જ મજા આપે. કોઈની સાથે કે ગ્રુપની મજા સાવ જુદી જ હોય છે. સાથે ફર્યા હોય એની સાથે એ વાગોળવાની પણ મજા છે કે, આપણે કેવું એન્જોય કર્યું હતું નહીં? જિંદગી ક્યારેક એનાથી પણ માપવી જોઈએ કે આપણી પાસે સ્મરણો કેવા છે? વીતેલા દિવસો પર વિચાર કરીએ ત્યારે કેવી અનુભૂતિ થાય છે? સાચાં સ્મરણો એ છે કે યાદ આવતા જ ચહેરા પર થોડીક ચમક આવે. ચહેરો થોડોક ખીલે. આંખમાં કોઈ દૃશ્ય ઉભરી આવે. રોજેરોજ આપને સ્મરણોનું ભાથું બાંધતા હોઈએ છીએ. જોસ્મરણો સારાં ન હોય તો ભાથાનો પણ ભાર લાગે છે. કોઈની નજીક રહેવામાં કે કોઈને મદદ કરવામાં એને તો જે ફાયદો થવાનો હશે એ થશે, આપણને એક ગજબ પ્રકારનું શુકુન મળતું હોય છે. એક છોકરીની વાત છે. કોઈને કંઈ જરૂર હોય તો એ તરત જ દોડી જતી. પોતાના ખર્ચે અને જોખમે લોકોને મદદ કરતી. એક વખત તેની ફ્રેન્ડે તેને કહ્યું, આ શું તું કોઈની પાછળ કારણ વગર કુચે મરે છે? લોકો તારો ફાયદો ઉઠાવે છે. તું મૂર્ખ છે. એ છોકરીએ કહ્યું હું જે કરૂ છું એ કોઈના માટે કરતી જ નથી, હું મારા માટે કરૂ છું. કોઈને મદદ કર્યા પછી મને હંમેશા એવું લાગ્યું છે કે, હું હતી એન કરતાં થોડીક વધુ સારી, વધુ પવિત્ર થઈ છું. ક્યારેક આંગળી ચીંધી, ક્યારેક હાથ પકડી અને ક્યારેક થોડાક શબ્દોનો ઉપયોગ કરીને કોઈનું ભલું થતું હોય તો કરવામાં મને કંઈ ખોટું નથી લાગતું. દુઃખ તો ત્યારે થાય ને કે આપણે કોઈ બદલા કે વળતરની અપેક્ષા રાખીએ? જે કંઈ કરો એ પોતાની મસ્તી, પોતાની મજા, પોતાના સુખ અને પોતાના સંતોષ માટે કરો. એક મજા છે કોઈને મદદ કરવાની. કુદરત ઘણી વખત માણસને નિમિત્ત બનાવતી હોય છે. આવા લોકો કુદરતે પસંદ કરેલા હોય છે. એ જો આપણે કોઈએ તો આપણને આનંદ થવો જોઈએ. કોઈ જ્યારે આર્શિવાદના શબ્દો ઉચ્ચારે ત્યારે એની અનુભૂતિ અલૌકિક હોય છે. આવી મજા માણતી રહેવી જોઈએ!

છેલ્લો સીનઃ કોઈનું ભલું એવી ઈચ્છા થતી રહે ત્યાં સુધી સમજવું કે તમારી સંવેદના જીવતી છે. દયા અને કરુણાની લાગણી માણસ કેવો છે એની સાબિતી આપે છે! કેયુ. સૌજન્ય “સંદેશ”

॥ શ્રી શાંતીનાથાય નમઃ ॥



# શ્રી શ્વે. મૂ. જૈન સંઘ - મજેવડી

## શ્રી શાંતીનાથ દાદા જીનાલય -
## મજેવડીના ૫૭મી સાલગીરી સં. ૨૦૮૦.

# આમંત્રણમ

### સાલગીરી પ્રસંગે પધારો....પધારો....પધારો....

આત્મીય ધર્માનુરાગી શ્રી, જય જિનેન્દ્ર,

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે આપણા મજેવડીના શ્રી શાંતીનાથજી દાદાના જિનાલયની ૫૭મી (વર્ષગાંઠ) સંવત ૨૦૮૦, વૈશાખ વદ-૩, રવિવાર, તા. ૨૬-૦૫-૨૦૨૪ ના દિવસે આવી રહી છે.

આપણા પોતાના જિનાલયની સાલગીરીના અતિ મહત્વના પ્રસંગે આપણે સૌ ભેગા મળીને મજેવડી મૂકામે જિનાલયની સાલગીરી પ્રસંગ ઉજવીએ એ આપણા સર્વેનું કર્તવ્ય છે. તો..... આપ દરેકને સહકુટુંબ પધારવા ભાવભર્યુ આમંત્રાણ છે.

### કાર્યક્રમની ઝલક

**પ્રથમ દિવસ**
વૈશાખ વદ-૨, શનિવાર,
તા. ૨૫-૦૫-૨૦૨૪

સવારના ૯.૦૦ કલાકે -
**શ્રી સિદ્ધચક્ર મહાપૂજન**

**દ્વિતીય દિવસ**
વૈશાખ વદ-૩, રવિવાર,
તા. ૨૬-૦૫-૨૦૨૪

સવારના ૮.૩૦ કલાકે -
**ધ્વજા આરોહણ તથા સામુહીક સ્નાત્ર પૂજા**

બંને દિવસ સવારના પ્રભાતીયા તથા રાત્રીની પ્રભુભકિત / ભાવના રાખેલ છે.
આ વખતે શનિવાર તથા રવિવારની રજા આવે છે. સૌ જરૂરથી પધારી શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરશોજી.
આપ સૌ ભાગ્યશાળીઓને વતનની મુલાકાત તથા બહેન-દિકરીઓના સ્નેહ મિલનનો લાભ મળશે.
સૌ સમયસર આપની આગોતરી ટીકીટ બુક કરાવી શકો માટે આ પ્રસંગનું ભાવભર્યું નિમંત્રાણ છે.
જરૂરથી પધારશોજી...

-: ઉતારાનું સ્થળ :-
આ પ્રસંગે પધારનાર દરેક પરીવારોના ઉતારાની વ્યવસ્થાનું સ્થળ -
મજેવડી ખાતે આવેલ દેવતાણખી બાપાની જગ્યાએ રાખેલ છે.

### -: લાભાર્થી પરીવાર :-

બંને દિવસના સંપૂર્ણ લાભાર્થી પરીવાર

**શ્રીમતી કિરણબેન હરેશભાઇ મહેતા પરીવાર**
**શ્રી મણીલાલ વલ્લભદાસ મહેતા પરીવાર**

લિ. શ્રી શ્વે. મૂ. જૈન સંઘ - મજેવડી

**સંસ્થા સમાચાર**
**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મસાજ- મુંબઈ**
**સમાજને ભેટ**

રૂ.૫૦૦/- પ્રવીણકુમાર મગનલાલ ભાયાણી તરફથી નુતન ગૃહ પ્રવેશ બદલ.

રૂ.૫૦૦/- શ્રી રીતેશભાઈ શશીકાંતભાઈ ભગવાનજી મહેતા તરફથી શ્રી શશીકાંતભાઈના આત્મશ્રેયાર્થે

રૂ.૫૦૦/- શ્રી મહેશભાઈ શાંતીલાલ ધોળકીયાના આત્મશ્રેયાર્થે

## અજમાવી જુઓ..!!!

- ભીંડાનું શાક બનાવતી વખતે તેમાં લીંબુના રસના થોડા ટીપાં અથવા તો દહીં એક ચમચો નાખવાથી ભીંડા ચીકણા નહિં થાય.
- ગરમ કપડાં પરથી તેલના ડાઘા દૂર કરવા દહીં લગાડી થોડીવાર રહેવા દઈને ધોવા.
- ચામડાની વસ્તુઓને સાફ કરવા સરસવના તેલમાં ભીંજવેલું મલમલ રગડવું.
- જે છોડવાઓને પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ ન મળતો હોય તો તે છોડવામાં ફટકડી મિશ્રિત પાણી નાંખવાથી છોડવા કરમાશે નહિ.
- મરચાં સમારવાથી હાથમાં બળતરા થાય છે. તે દાહને દૂર કરવા હાથ ધોઈ ને ગોળ હથેળી પર રગડવો.
- ગરમ ગરમ તેલ કે પાણીથી દાઝી જવાય તો તરત જ વિક્સ લગાડી દેવાથી ઠંડક થશે તેમજ છાલા નહિં પડે.
- મેંદાની વાનગી તળતી વખતે તેલમાં ચપટી બેકિંગ સોડા નાખી દેવાથી વાનગી ક્રિસ્પી બને છે.
- ક્રિસ્પી નૂડલ્સ બનાવવા માટે બાફેલા નૂડલ્સને ઠંડા કરવા એક કલાક બાદ તેના પર કોર્નફ્લોર ભભરાવી તેલમાં તળવા, નૂડલ્સ ક્રિસ્પી બનશે.
- સંભાર કે રસમમાં મીઠું વધારે પડી જાય તો ભાતને મસળી ભેળવી દેવા. વધારાનું મીઠું શોષી લેશે.
- સેલોટેપનો છેડો ન મળતો હોય તો તેને થોડીવાર રેફ્રિજેટરમાં રાખી દેવી. તો છેડો મળી જશે.

**- દર્શનાબેન પરીમલભાઈ ભીમાણી**

**નવું સરનામું : હર્ષદભાઈ તલકચંદ વસા**
૬૦૧, ઓમકિરણ એપાર્ટમેન્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર સામે, દેરાસર લેન, સોની ટાવર સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૬. મો.: ૯૦૨૯૭૧૬૩૧૧

## અવસાન નોંધ:

**સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

❑ માણેકવાડા નિવાસી હાલ કાંદીવલી, જયંતીલાલ અમરચંદ પારેખ (ઉ.વ.૮૫) તા.૨૭-૧૧-૨૦૨૩, સોમવારના નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં અરિહંત શરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ, પિયુષ તથા સંજયના પિતાશ્રી, જોલી તથા ભાવિકાના સસરા, અભિષેક, હિલોની તેમજ ધરાના દાદા, સાસરા પક્ષે - સ્વ. નાગરદાસ ભગવાનજી શાહના જમાઈ, સ્વ. ઈન્દુભાઈ, સ્વ. શનિભાઈ, સ્વ. છોટુભાઈ, સ્વ. કાંતિભાઈ ને સ્વ. જયાબેન, સ્વ. લીલાવંતીબેનના ભાઈ,

❑ ધોરાજી નિવાસી, હાલ મુલુંડ, સ્વ.કલાવતીબેન અમૃતલાલ વલ્લભજી ખાખરાના પુત્ર હેમેન્દ્રકુમાર (ઉ.વ.૭૦) તા.૭-૧૧-૨૦૨૩નાં મંગળવારે અરિહંત શરણ પામેલ છે. તે માલતીબેનના પતિ, ખુશબુના પિતા, પ્રવિણભાઈ, બિપીનભાઈ, સ્વ. નિર્મળાબેન ભગવાનજી દોશી અને સ્વ. ભારતીબેન મધુસુદન વોરાના ભાઈ અને પિયરપક્ષે મોટા લીલીયાવાળા સ્વ. ગુણવંતીબેન ચંદુલાલ હરજીવન દોશીના જમાઈ.

❑ શ્રી કશિશભાઈ રમણીકલાલ સંઘવી (ઉ.વ.૮૧) તા.૧૭-૧૧-૨૦૨૩ના નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કરતાં અરિહંત શરણ પામેલ છે.

❑ ધોરાજી નિવાસી સ્વ. શ્રી જગજીવનદાસ સીરાજ વોરાના સુપુત્ર શ્રી કાંતીલાલ જગજીવનદાસ વોરા (ઉ.વ.૭૮) હાલ નાલાસોપારા તા.૧૭-૧૧-૨૦૨૩ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સ્વ.કીરીટભાઈ, શૈલેષભાઈ, કૈલેશભાઈ, રાજેશભાઈ તેમજ ધર્મેન્દ્રભાઈના કાકા તથા પ્રદીપભાઈ અને દિલીપભાઈના મામા.

❑ વંથલી સોરઠ નિવાસી હાલ સિકંદરાબાદ, સુધાબેન ચંદ્રકાંત વસા (ઉ.વ.૭૫)નું નવકાર મંત્રનું સ્મરણ કરતા અવસાન થયેલ છે. ચંદ્રકાંત જી. વસા, ૬-૬-૪૬૮, એ/બી, બંસીલાલપેટ, ગાંધીનગર, સિકંદરાબાદ. મો. : ૯૦૧૦૯૯૧૮૫૩

# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૩ના યાદગાર સંભારણા...



# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૩ના યાદગાર સંભારણા...












Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR